દિવ્યજ્યોતિ ટ્રસ્ટ









# ચતુર્થ વાર્ષિક અહેવાલ ૨૦૧૩-૧૪

ઘસાઈને ઉજળા થઈએ, બીજાના ખપમાં આવીએ. - રવિશંકર મહારાજ

## ટ્રસ્ટી મંડળ


| | | |
|---|---|---|
| ભરતભાઈ વી. શાહ | પ્રમુખ | સી.એ. |
| ઉદયભાઈ આર. ગજીવાલા | ઉપપ્રમુખ | એમ.એસ.(ઓપ્થે.) |
| નલીનભાઈ ડી. શાહ | મંત્રી | બી.કોમ. |
| વિજયભાઈ એમ. કણીયા | સંયુકત મંત્રી | બી.ઈ.(સીવીલ) |
| માધવીબેન યુ. ગજીવાલા | ખજાનચી | બી.ઈ.(ઈલે.) |
| ભીખુભાઈ ડી. વ્યાસ | | બી.એ.બી.એડ. |
| બાલુભાઈ એમ. પટેલ | | ડી.ટેક્ષ |
| બકુલભાઈ એન. ત્રિવેદી | | એમ.એસ.(ઓપ્થે.) |
| અમીષભાઈ આઈ. પટેલ | | એમ.એસ.(ઓપ્થે.) |
| સુભાષભાઈ આર. શાહ | | બી.એ.એલ.એલ.બી. |
| જયંતિભાઈ શાહ | | સી.એ. ડી.કોમ. |
| લાલજીભાઈ પટેલ | | સમાજસેવક |
| રામનારાયણ ચાંદક | | સમાજસેવક |
| ઓમપ્રકાશ તૂટેજા | | સમાજસેવક |
| સંજયભાઈ સુરાના | | બી.કોમ. (ઓનર્સ) |



**સરનામું :–** દિવ્યજયોતિ ટ્રસ્ટ, તેજસ આંખની હોસ્પિટલ, સુથાર ફળિયું, હનુમાન મંદિરની સામે,
તા.માંડવી, જી. સુરત (ગુજરાત). પીનકોડ – ૩૯૪૧૬૦
ફોન નં. :– ૦૨૬૨૩ – ૨૨૧૧૮૦, ૨૨૨૦૮૦ ફેક્સ નં. :– ૦૨૬૨૩ – ૨૨૧૦૯૦
E-mail :- divyajyoti.icare@gmail.com, divyajyoti@divyajyotitrust.org • Website :- www.divyajyotitrust.org


### દાન નીચે પ્રમાણે આપી શકો છો.

ચેક "દિવ્યજયોતિ ટ્રસ્ટ"ના નામનો બનાવવો.

**૧. દેના બેંક, મેડીકલ કોલેજ શાખા, મજુરાગેટ, સુરત**

On Line દાન મોકલવા RTGS Code : BKDN0231111 અને એકાઉન્ટ નંબર : 111110024529

**૨. દેના બેંક, પાઠક ફળિયા, માંડવી, જી. સુરત**

On Line દાન મોકલવા RTGS Code : BKDN0230135 અને એકાઉન્ટ નંબર : 013511023781

**૩. પરદેશના દાતાઓ માટે : એક્ષીસ બેંક, અડાજણ શાખા, સુરત**

On Line દાન મોકલવા RTGS Code : UTIB0000566 અને એકાઉન્ટ નંબર : 910010038282718

**ટ્રસ્ટને આપવામાં આવતું દાન ઈન્કમટેક્ષની કલમ ૮૦ (જી) હેઠળ કરમુકત છે.**

**ટ્રસ્ટને મોતિયાના ઓપરેશન માટે કોર્પસ ફંડ તરીકે અપાતું દાન ઈન્કમટેક્ષની કલમ ૩૫(એ.સી.) હેઠળ ૧૦૦% કરમુક્ત છે.**

શુભેચ્છક શ્રી,

આપની સમક્ષ ચોથો વાર્ષિક રીપોર્ટ રજૂ કરતાં આનંદ થાય છે. ત્રીજુ વર્ષ પણ જોતજોતામાં વિતી ગયું. ફકત ત્રણ વર્ષના સમયગાળામાં કામગીરી ખૂબ ઝડપથી વધી, તેથી કામને પહોંચી વળવામાં સતત વ્યસ્ત રહેવાયું. આ વર્ષે સ્ટાફને ફકત ક્ષમતા અને ઝડપ વધારવાનો જ મંત્ર આપ્યો હતો, તેમ છતાં કોઈ જ વધારાના પ્રયત્ન કર્યા વિના કુલ ઓપીડી અને ઓપરેશનની સંખ્યામાં ૧૫% જેટલો વધારો થયો.

કામ વધવાને કારણે, વર્તમાન જગ્યા ઓછી પડે છે. અગાઉના રીપોર્ટમાં જણાવેલ બાંધકામ ૧ વર્ષના વિલંબ બાદ હોસ્પિટલની પાછળના ભાગમા શરૂ થઈ ગયું છે અને લગભગ ૧ વર્ષ બાદ પુરુ થશે. ચોથું ઓપરેશન થીયેટર પણ જલ્દી તૈયાર થઈ જશે. આનાથી કામ કરવાની પુરતી જગ્યા મળશે, તેથી સ્ટાફ અને દર્દીઓને પણ વધુ સવલત રહેશે.

ખુબ ઝડપથી વધેલા કામની પણ કિંમત ચુકવવી પડે છે. રોજીંદા કામમાં સંકળાયેલા જવાબદાર મુખ્ય લોકોનું કામનું ભારણ વધ્યું તેમ છતાં ગુણવત્તા સુધારને માટે સતત પ્રયત્નશીલ છીએ. ચાલુ વર્ષે બહારના ડોકટર દ્વારા ઓપરેશન થીએટરનું મૂલ્યાંકન કરાવ્યું અને હવે કેમ્પની પ્રવૃત્તિનુંઅને વહીવટી વ્યવસ્થાનું મૂલ્યાંકન કરાવીશું. મૂલ્યાંકનને આધારે ઓપરેશન થીયેટરની કામગીરીમાં સૂચવેલા ફેરફાર કરાવ્યા, જેથી કામની ગુણવત્તા વધારે સારી થાય.

આ તબકકે હોસ્પિટલને પર્યાવરણલક્ષી બનાવવાના પ્રયત્નોની વાત કરી લઈએ. અમે ૧૫ કિલોવોટ ગ્રીડ કનેકટેડ અને ૩ કિલો વોટ બેટરી બેકઅપ સહિત સૂર્યશકિતથી વિજળી ઉત્પન્ન કરતી સોલાર સિસ્ટમ ઉમેરી. આ ઉપરાંત ૩ સૂર્યશકિતથી ચાલતી સ્ટ્રીટ લાઈટ, ૧૦૦૦ લીટરની ક્ષમતાવાળું વોટરહીટર, સૂર્યકૂકર, બાયોગેસ પ્લાન્ટ, વોટરલેસ યુરીનલ અને એલઈડી લાઈટ્સ નો ઉપયોગ કરીએ છીએ. અમારો કાર્બન ઉત્સર્ગ રીપોર્ટ યુનાઈટેડ નેશન્સમાં રજૂ કરીશું. અને પાંચ વર્ષમાં અમારૂં કાર્બન ઉત્સર્જન શૂન્ય હશે એવી આશા છે.

આ બધું જ આપના જેવા શુભેચ્છકો અને દાતાઓના ઉદાર સહકાર વડે શકય બન્યું છે. સ્વામી વિવેકાનંદના વાકય ''તમે કામ શરૂ કરો અને સહાય આપોઆપ મળી રહેશે'' માં મૂકેલી શ્રધ્ધા, સાવ સાચી પડી છે. સમાજે અમારામાં મુકેલી શ્રધ્ધા, વિશ્વાસ અને બિનશરતી મદદ વડે અમારો ઉત્સાહ વધતો રહે છે. અમને ખાતરી છે કે આવનાર વર્ષોમાં પણ આ સહાય ચાલુ રહેશે. હાલમાં પાછળના બાંધકામ માટે અમને નાણાંકીય સહાયની જરૂર છે. જેને માટે નાનામાં નાનું દાન પણ આવકાર્ય છે.

| | | |
|---|---|---|
| ભરતભાઈ શાહ | નલીનભાઈ શાહ | ડો.ઉદય ગજીવાળા |
| પ્રમુખ | મંત્રી | ઉપપ્રમુખ |

તા. ૫-૧૧-૨૦૧૪ માંડવી

## વિતેલા વર્ષ પર નજર

પ્રભુકૃપા અને પ્રચંડ સ્થાનિક જરૂરિયાતને કારણે હોસ્પિટલની શરૂઆતથી જ કામ ઝડપથી વધવા લાગ્યું. માંડવીની આજુબાજુના વિસ્તારમાં સંપૂર્ણ સુવિધા સજ્જ– રાહત દરે આંખની લગભગ બધા જ પ્રકારની સારવાર કરતી આ એક માત્ર સંસ્થા હોવાથી ૬૮૦૦ જેટલા ઓપરેશન આ વર્ષમાં થયા. અત્યાર સુધીમાં કુલ ૧૬૦૦૦ થી વધુ ઓપરેશન થઈ ચુકયા છે.

કામની ઝડપ અને જરૂરિયાત જોતાં આવનાર પાંચ વર્ષમાં સંસ્થા કયાં હશે; કેવી રીતે કામગીરી કરશે, તેની સમજ આપવા તા.૪–૫ મે ના રોજ વિઝન બિલ્ડીંગ એક્ષરસાઈઝ કરવામાં આવી. જેનું સંચાલન વિઝન ૨૦૨૦ રાઈટ ટુ સાઈટ ઈન્ડીયાના પ્રમુખ ડો. કર્નલ દેશપાંડે અને સી.ઇ.ઓ. ડો. જી.વી. રાવે કર્યું.

૨૨ મે ૨૦૧૩ ના દિવસે ૨ વર્ષ પુરા થતા હોઈ સ્ટાફ પરિવાર સાથે મિલન અને સાંસ્કૃતિક કાર્યક્રમ કર્યો, તેમજ કારોબારી કમિટીની મિટીંગ કરી અને કીકી બદલવાના ૧૦૦ ઓપરેશન પુરા થયા તેની ઉજવણી કરી. અત્યાર સુધી કીકી બદલવાના ૨૦૦ થી વધુ ઓપરેશન થઈ ચુકયા છે.

આ વર્ષ દરમિયાન સ્ટાફના સભ્યોનો શૈક્ષણીક પ્રવાસ અંજલિ–રણાસણ, રાજેન્દ્રનગર–કુષ્ઠરોગ ટ્રસ્ટ, શામળાજી પી એચ સી, મોડાસા સાર્વજનિક હોસ્પિટલ વગેરે સ્થળોએ ત્યાંની કામગીરી નિહાળવા–સમજવા માટે કર્યો. આવા પ્રવાસ દરમિયાન દરેક સ્ટાફ–સભ્ય સમાજકલ્યાણના કામને બરાબર સમજી શકે છે, સમાજના પ્રશ્નો પ્રત્યે સંવેદનશીલ બને છે અને આવું કામ કરવા માટે પ્રેરણા મેળવે છે.

હોસ્પિટલમાં ફાયર સેફટી માટેના ઉપકરણ છે પણ તેનો ઉપયોગ કેવી રીતે થાય તેનું ડેમોન્સ્ટ્રેશન કાકરાપારની ફાયર સેફટીની ટીમના સભ્યોએ આવીને કર્યુ.

દર્દીને ચશ્મા આપવા માટે અત્યાર સુધી તૈયાર ચશ્મા ન હોય તો વડોદરા ચશ્મા તૈયાર કરાવવા મોકલતા હતા. પરંતુ હવે ચિંતન શિરોહીયાએ ચશ્મા ફીટીંગની તાલીમ લીધા બાદ કાચ ઘસીને નંબર પ્રમાણેના લેન્સ બનાવવાનું લેથ મશીન ખરીદયું છે. તેનું ઈન્સ્ટોલેશન પણ થઈ ગયું છે. જેથી દર્દીને તેની જરૂરીયાત પ્રમાણે ચશ્મા બનાવીને તે જ દિવસે આપી શકાય. આમ કરવાથી અમને આર્થિક ફાયદો નથી થવાનો, પણ દૂરના દર્દીનો ચશ્મા લેવા આવવા માટેનો સમય અને વાહન વ્યવહારનો ખર્ચ બચી શકશે તેનો અમૂલ્ય ફાયદો થશે.

સંસ્થામાં થતા કામના રોજિંદા નિયમન (મોનીટરીંગ) માટે શ્રી વિનોદભાઈ ધોળકીયા કાર્યરત છે જ. પણ તેમને મદદરૂપ થવા શ્રી અરવિંદભાઈ દેસાઈ દર મહિને એક વાર આવીને માર્ગદર્શન કરી રહયા છે. તે જ પ્રમાણે હોસ્પિટલની કામગીરીનું મૂલ્યાંકન બહારની સંસ્થા – પૂનાની તુલસી આઈ હોસ્પીટલમાંથી ડો.સ્વાતી ઝવર આવીને કરી ગયા. તેમણે કરેલા સૂચનો મુજબ જરૂરી ફેરફાર પણ કર્યા.

હોસ્પિટલને ઈકોફ્રેન્ડલી (ગ્રીન) હોસ્પિટલ બનાવવાની દિશામાં સૂર્યકુકરનો ઉપયોગ શરૂ કર્યો. રસોડાના કચરામાંથી બાયોગેસ બનાવતો પ્લાન્ટ પ્રસ્થાપિત કર્યો અને ૧૫ કેવીએ વીજળી ઉત્પન્ન કરે એવો સોલર પ્લાન્ટ પણ સ્થાપિત કર્યો, જે કાર્બન ઉત્સર્જન ની માત્રા ઘટાડવામા મદદરૂપ થશે અને તે પર્યાવરણ સુરક્ષાની દિશામાં પા–પા પગલી જેવું સાબિત થશે.

ધારાસભ્ય શ્રી પ્રભુભાઈ વસાવાની ગ્રાંટના નાણાં મળતાં– જીવન રક્ષક સાધનોની ખરીદી કરી. હવે હોસ્પિટલમાં વેન્ટીલેટર, એન.આઈ.બી.પી. મશીન, ઈસીજી મશીન અને ડીફીબ્રીલેટર ની સુવિધા પ્રાપ્ય છે.

માંડવીની પ્રાથમિક શાળાનાશિક્ષકોની વાર્ષિક સાધારણ સભામાંડો. ઉદયભાઈએ હાજરી આપી અને

ચક્ષુદાન વિશે માહિતી આપી તેમજ શિક્ષક સંઘ દ્વારા પ્રકાશિત થયેલી ટેલીફોન ડીરેકટરીમાં સંસ્થાની જાહેરાત પ્રસિધ્ધ કરી.

સંસ્થામાંજોડાતા અને કામ કરતા સભ્યોને સંસ્થાના નિતી – નિયમ, સંસ્થા દ્વારા મળવા પાત્ર લાભ, તેમની ફરજ વિ. વિશે માહિતી આપતી માર્ગદર્શિકા તૈયાર કરી અને દરેકને આપી. તે જ રીતે સ્ટાફના સભ્યોમાં બચતની ટેવ પડે અને મુશ્કેલીના સમયે નાણા ઉંચા વ્યાજે લાવવા ન પડે તે માટે બચતમંડળી બનાવવાની દિશામાં પ્રયત્નો શરૂ કર્યા. ટૂંક સમયમાં બચત મંડળી કાર્યરત થઈ જશે.

દર વર્ષની જેમ ૧૫મી ઓગષ્ટે માંડવીના સન્નારી શ્રીમતી દિપીકા બહેન શાહ અને ૨૬મી જાન્યુઆરીએ માનનીય શિક્ષક શ્રી ચતુરભાઈ વસાવા દ્વારા ધ્વજવંદનનો કાર્યક્રમ કર્યા.

કોમ્યુનીટી ઓપ્થેલ્મોલોજી સોસાયટી ઓફ ઈન્ડિયાની વાર્ષિક મીટીંગ આ વર્ષે માંડવીમાં કરી. જેમાં દિલ્હીની વેણુ આઈ ઈન્સ્ટીટયૂટના મેનેજીંગ ડિરેકટર સુશ્રી તનુજાબહેન જોષી તથા તેમની સંસ્થામાંથી ડોકટર્સ, વિઝન ૨૦૨૦ ઈન્ડીયાથી શ્રી મહાવીર જૈન, ડો. શશીબેન ત્યાગી, કેરલની જોસેફ આઈ ઈન્સ્ટીટયૂટમાંથી ડો. તનુજા બ્રીટો, વીસનગરથી ડો.મિહીરભાઈ જોષી, દાહોદથી ડો. મેહુલભાઈ અને ડો. શ્રેયાબહેન શાહ ઉપસ્થિત રહયા હતા.

લાયન્સ કલબ ઓફ સુરત સિલ્ક સીટી દ્વારા દિવ્યજયોતિ ટ્રસ્ટ માંડવી મુકામે અપંગ લોકો માટે કેમ્પ યોજવામા આવ્યો. જેમાં ૨૪ ટ્રાયસિકલ, ૩ વ્હીલચેર અને ૨૩ જોડ હીયરીંગ એઈડ તેમજ ૬ જોડી ક્રચ (કેલીપર્સ) ની વહેંચણી કરી.

વર્ષ દરમિયાન ડો. હેતલ સોલંકી, ડો. સાકેત સરાધીયા, ડો. ખુશ્બુ ચૌધરી, ડો. પ્રતીક શાહ છૂટા થયા. અને ડો.ચિંતન ધોળકીયા, ડો.અર્ચના ચૌધરી, ડો.પાર્થ જોષી અને ડો.ધવત સુખારામવાળા જોડાયા. એપ્રીલ ૨૦૧૪થી ડો. શિલ્પાબેન પટેલ જોડાયા.

## પિતા – પુત્ર બન્ને દેખતા થયા

મહારાષ્ટ્રના ગામ ખાપર, તા.અકકલકુવા, જી. નંદુરબારના વૃધ્ધ ૮૮ વર્ષના ઘનાભાઈ વડવી બંને આંખે મોતિયા પાકી જવાથી અંધ થઈ ગયેલા. ખાપર કેમ્પમાં દીકરા રણજીતભાઈ જોડે બતાવવા આવ્યા. ઘનાભાઈ ને ઓપરેશનની એટલી બીક લાગે કે, એ તો ઓપરેશન થીયેટરમાં (ઓ.ટી)માં જવા જ ન કરે; માંડ, માંડ સમજાવીને ઓ.ટી માં લઈ ગયા તો હાથમાંથી કેસપેપર છોડે નહી, ટેબલ પરથી ઉભા થઈ જાય આમ ઘણી ધમાચકડી મચાવી. આખરે અમારે એનેસ્થેટીસ્ટને બોલાવવા પડયા અને ઈન્જેકશન આપી બેહોશ કરીને પછી ઓપરેશન કર્યું.

બીજા દિવસે આંખની પટ્ટી ખોલી બરાબર દેખાતું થયું એટલે ઘનાભાઈ ડાહયા થઈ ગયા! બીજી આંખનું ઓપરેશન શાંતિથી કરવા દીધું. આ દરમિયાન તેમના પુત્ર રણજીતભાઈને ૬ માસ અગાઉ મોતિયો છે તેવું નિદાન થયેલું, પણ તેમને ડાયાબિટીસ હોવાથી ઓપરેશન થઈ શકયું નહોતું અને તેઓ ડાયાબિટિસની દવા પણ નિયમિત લેતા નહોતા, તેથી તેમને ડાયાબિટીસની દવા આપી. દિવસમાં ૨ વાર ડાયાબિટીસ માપ્યો પછી ડાયાબિટીસ કંટ્રોલ થયો છે એમ જણાતા તેમનું પણ મોતિયાનું ઓપરેશન કર્યુ. આમ પિતાની સાથે આવેલા પુત્રનુ પણ એક સાથે ઓપરેશન થઈ જતા બંને ખુબ ખુશ છે.

ઘનાભાઈ અને રણજીતભાઈ ખાપરથી આવ્યા હોવાથી વારે–વારે આવ–જાવ કરવાનું ફાવે નહી તેથી હોસ્પીટલમાં જ ત્રણ–ચાર દિવસ રહયા. તેથી હોસ્પીટલના સ્ટાફ અને ડોકટર્સની માયા થઈ ગઈ. તેમને ઘણુ સારું લાગ્યું. તેઓ કહે છે કે ગામમાં કે સગા સંબંધીમા આંખની તકલીફવાળા દર્દીને અમે તેજસ આંખની હોસ્પીટલમાં જ મોકલશું કારણકે ગરીબો માટે ખુબ આશીર્વાદ રૂપ છે.

# હોસ્પિટલ

ગત વર્ષે કાકરાપાર અણુમથક દ્વારા રેટીના (પડદા) ના ઓપરેશનમાં ઉપયોગી એવું વિટ્રેક્ટોમી મશીન મળ્યું હતું. ત્યાર બાદ કાકરાપારના ઘણા દર્દીઓ આવતા થયા અને હોસ્પિટલની કામગીરીથી સંતુષ્ટ થઈને કાકરાપાર સત્તાવાળાઓએ દિવ્યજયોતિ ટ્રસ્ટ સાથે કરાર કર્યા, જેમાં કાકરાપાર અણુમથકના કર્મચારીઓની આંખની સારવાર કરવી અને નકકી કરેલા દર મુજબ કુલ ખર્ચ સીધો કાકરાપાર અણુમથક દ્વારા ચૂકવવામાં આવે એવી વ્યવસ્થા ગોઠવવામાં આવી. આ ઉપરાંત તેમણે વર્ષ દરમિયાન ૧ નેત્ર નિદાન કેમ્પ પણ કર્યો.

ત્રીજું ઓપરેશન થીયેટર થોડું નાનુ પડતુ હોવાથી તેને રીનોવેટ કરીને મોટું કર્યુ અને ઓપરેશન કરતી વખતે અંદરની હવા વધારે શુધ્ધ થાય તે માટે લેમીનાર એર ફલો લગાડયા. 'મેટાફલેક્ષ' કંપનીનો એરટાઈટ દરવાજો લગાડયો.

સામાન્ય રીતે ઓપરેશન પહેલાં દર્દીને ન્હાવાની સૂચના આપીએ, પણ કેટલાક દર્દી ટુવાલ ન લાવ્યા હોય, તેથી નહાય નહી; એટલે આ વર્ષે દરેક દર્દીને ટુવાલ આપવાના શરૂ કર્યા જે ન્હાયા પછી અમારો સ્ટાફ પરત મેળવે અને ધોવા માટે આપે. દરરોજના દર્દીના કપડા, ટુવાલ, ચાદર વિ. મોટા જથ્થામાં ધોવા માટે ૨૫ કિગ્રા ક્ષમતા ધરાવતું ઈન્ડસ્ટ્રીયલ વોશિંગ મશીન ખરીદયું.

દર્દીને ચશ્મા લેવા ધકકો ન ખાવો પડે તે માટે કાચ કટીંગ કરીને ઘસવાનું લેથમશીન ખરીદયું જેથી દર્દીના ઓર્ડર મુજબના ચશ્મા બે–ત્રણ કલાકમાં બનાવીને આપી શકાય.

હોસ્પિટલમાં આવતા દર્દીઓ પૈકી ઘણાને પોતાના ડાયાબિટીસ વિશે માહિતી નથી હોતી. તેથી હોસ્પિટલમાં બતાવવા આવતા ૪૦ વર્ષથી ઉપરના બધા જ દર્દીની ડાયાબિટીસની તપાસ; બ્લડ પ્રેશરની તપાસ નિઃશુલ્ક કરવાનું શરૂ કર્યુ. દર મહિને લગભગ ૧૦ જેટલા દર્દી એવા મળે છે, જેમને પોતાને ડાયાબિટીસ હોવાની જાણ હોતી નથી. ડાયાબિટીસ કે બ્લડ પ્રેશરનું સમયસર નિદાન થવાથી તેના નિયમન માટે જરૂરી દવાઓ સમયસર લેવાથી અન્ય રોગોને આવતા અટકાવી શકાય. આમ આ તપાસ દર્દીઓ માટે ઘણી ઉપયોગી છે.

આ વર્ષે હોસ્પિટલમાં ભાગ્યેજ જોવા મળતી સર્જરી કરવાની તક મળી. જેમાં સોનગઢના એક વૃધ્ધની આંખમાં જીવતો કૃમિ (થ્રેડ વર્મ) હતો. તેઓ બે– ત્રણ દિવસથી આંખમાં દવાના ટીપા નાખીને ચલાવતા હતા. પછી તેઓ વ્યારાની હોસ્પિટલમાં ગયા, ત્યાંથી તેમને તાત્કાલીક માંડવી પહોંચી જવાની સૂચના મળી. જેથી તેઓ તાબડતોબ અહી આવી પહોંચ્યા અને અમારા ડોકટર્સ– નર્સની ટીમ તાત્કાલીક કામે લાગી. ડો. રોહનભાઈએ જીવતો કૃમિ આંખની બહાર કાઢયો અને ડો.ચિતંનભાઈએ તેનું ડોકયુમેન્ટેશન કર્યુ. એ જ રીતે ડો. બકુલભાઈએ આંખની પાછળ થયેલી લોહીની ગાંઠનું ત્રણ કલાક લાંબી સર્જરી કરીને સફળ ઓપરેશન કર્યુ. બે દર્દીની આંખની પાંપણની ગાંઠનુ પણ સફળતાપુર્વક ઓપરેશન થયું.

આ ઉપરાંત મે ૧૧ થી એપ્રીલ ૧૪ ના અંત સુધીમાં કુલ ૨૦૦ જેટલા કીકી બદલવાના ઓપરેશન પણ કર્યા. આ વર્ષથી માઈક્રોઈન્સીસન કેટરેકટ સર્જરી– (૨ મીમી નો છેદ કરીને) કરવાની શરૂઆત પણ કરી. આ વર્ષે નાનાં બાળકોની આંખની ૭૫થી વધુ સર્જરી કરી. (જેનો ખર્ચ કોમ્બેટ બ્લાઈન્ડનેસ ફાઉન્ડેશન આપે છે). ત્રાંસી આંખનું ઓપરેશન ઈંજેકશન આપ્યા વગર ટીપાં નાંખીને કર્યુ.

હોસ્પિટલમાં રોજીંદી ઓપીડી ૧૦૦ થી પણ વધુ થાય છે તેમાં નવેમ્બરમાં એક દિવસ ૨૦૪ દર્દીની ઓપીડી થઈ અને જાન્યુઆરી માસમાં ૯૦૦ જેટલા ઓપરેશન ૧ જ મહિનામાં થયા. આમ અહીંના વિસ્તારની જરૂરિયાત ખરેખર ઘણી વધારે છે. તેને પહોંચી વળવા સતત પ્રયત્ન ચાલુ જ છે. સર્જરી કરવા માટે અહીના ડોકટર ઉપરાંત બહારના ડોકટર પણ નિયમિત આવી રહ્યા છે. એનેસ્થેટીસ્ટ તરીકે માંડવીના ડો. ઉપેન્દ્રભાઈ પટેલ ઉપરાંત વ્યારાના ડોકટર નિયમિત આવી રહ્યા છે.

કુ. દિવ્યા ચૌધરી ઓપ્ટોમેટ્રીસ્ટની સરકારી ડીગ્રી પ્રાપ્ત કરેલ બહેન – ઓપ્થેલ્મીક આસીસ્ટંટ તરીકે જોડાયા છે.

વિશ્વ વિકલાંગ દિન ૩/૧૨/૧૩ ના રોજ માંડવી તાલુકાના વિકલાંગોનું મિલન કર્યુ અને તે જ દિવસે લો વિઝન કલીનીકનું ઉદઘાટન કુ. પ્રીતી ચૌધરી, જે પોતે પણ લો વિઝનની તકલીફ ધરાવે છે તેના દ્વારા કરવામાં આવ્યું. લો વિઝન કલીનીક માટેની સહાય સાઈટસેવર્સ ઈન્ટરનેશનલ દ્વારા મળી છે અને શ્રોફ ચેરીટી આઈ હોસ્પિટલ દ્વારા તેનુ સંચાલન થાય છે.

અહીના લગભગ ત્રણ વર્ષના સમયગાળામાં એ જણાયું કે ઝામરના દર્દીઓની સંખ્યા પણ નોંધપાત્ર છે તેથી ડો.શીતલબહેન ચૌધરીને પુનાની બ્લાઈન્ડમેન એસોસીયેશન સંચાલીત એચ. વી. દેસાઈ આઈ હોસ્પિટલમાં બે માસની ઝામરની તાલીમ માટે મોકલ્યા. હવે તેઓ ઝામરના દર્દીઓની સારવારનું કામ નિયમિત કરી રહ્યા છે.

આ વર્ષે ચક્ષુદાન પખવાડિયા (તા.૨૫/૮/૧૩ થી ૮/૯/૧૩) દરમિયાન ચાર ગામોમાં ચક્ષુદાન અંગે જાગૃતિ આણવાના કાર્યક્રમના ભાગરૂપે રતનીયા, ઘંટોલી, દેવગઢ અને ભાટખાઈમાં પત્રિકા વહેંચણી કરી – વિડીયો દ્વારા નિદર્શન કર્યુ અને વી.એફ. હાઈસ્કુલના બાળકોએ ચક્ષુદાન માટેના પોસ્ટરો લઈને રેલી કાઢી. આ રેલીમાં ૫૦૦ બાળકોએ ભાગ લીધો અને ડીબીસીએસ સુરત દ્વારા કાઢેલી રેલીમાં માંડવીના સ્ટાફે ભાગ લીધો.

પડદાના સ્પેશીયાલીસ્ટ ડો. ખુશ્બુબહેન જાન્યુ. ૧૪ માં બે વર્ષ પુર્ણ થતાં છૂટા થયા અને બીજા પડદાના ડોકટર શિલ્પાબહેન એપ્રીલ ૧૪ થી જોડાનાર હોવાથી, પડદાના દર્દીઓને તકલીફ ન પડે, તે માટે દર રવિવારે અમદાવાદ, વડોદરા, સુરતથી પડદાના ડોકટર વારાફરતી આવે અને સર્જરી કરી આપે એવું આયોજન કર્યુ. આ કામગીરીમાં સુરતના ડોકટર ભાવિનભાઈ પટેલ, વડોદરાના ડોકટર જયપ્રકાશભાઈ પુરોહિત તથા ડો. અનિલભાઈ પાટીલ અને અમદાવાદના ડો. અમીષભાઈ પટેલનો સહકાર પ્રાપ્ત થયો. આ સૌ ડોકટર મિત્રોનો ખૂબ – ખૂબ આભાર.

હોસ્પિટલમાં થતી કામગીરીમાં ઓપરેશન થીયેટરનો ફાળો અનન્ય છે. તેથી ઓ.ટી.ની ગુણવત્તા સુધારના પ્રયત્નો સતત ચાલુ રહે છે જેમાં માઈક્રોબાયોલોજીસ્ટ ડો. પોરિયા સાહેબ અને ડો. દિનેશભાઈ ખંધાડીયાનો સહકાર મળતો રહે છે. તેમજ ઓ.ટી. ના મૂલ્યાંકન માટે નાસિકની હોસ્પિટલમાંથી ડો. સ્વાતીબેન ઝવર આવ્યા હતા.

## અમીષાને પુનઃદ્દષ્ટિ પ્રાપ્ત થઈ

ગામ આંધળીકુવા તા. ઉમરપાડા. જી. સુરતની ૧૨ વર્ષની અમીષા પોતાના ગામની શાળામાં અભ્યાસ કરતી હતી. તેને જમણી આંખમાં દેખાતું નહોતું એટલે બધુ કામ ડાંબી આંખ વડે જોઈને કરતી હતી. અમીષા વિશે ખબર પડતા અમારા બ્રેઈલ શિક્ષકે તેને ઉમરપાડા કેમ્પમાં જવા સલાહ આપી. ઉમરપાડા કેમ્પમાં અમીષાને તપાસતા તેને માંડવી બતાવવા આવવા જણાવ્યું.

અમીષાના વાલી અમીષાને લઈને માંડવી હોસ્પિટલ બતાવવા આવ્યા. તેની આંખની તપાસ કરતાં જણાયું કે અમીષાની જમણી આંખમાં પડદાની તકલીફને કારણે દેખાતું નથી; તેનું ઓપરેશન થતા જ દેખાતું થઈ જશે. પણ તેમને તે માટે તૈયાર કરતા ખૂબ મુશ્કેલી પડી. ઘણી સમજાવટના અંતે અમીષાના વાલીઓ ઓપરેશન કરાવવા તૈયાર થયા.

અગાઉ અમીષાને જયાં બતાવ્યું હતું ત્યાં આ (વિટ્રેકટોમી) ઓપરેશનનો ઘણો ખર્ચ જણાવ્યો હતો પરંતુ અમીષાના પરિવારની આર્થિક સ્થિતિ ઘણી નબળી હોવાથી તેઓએ ત્યાં ઓપરેશન નહોતું કરાવ્યું. અહીં તેનું ઓપરેશન માફીમાં કર્યુ.

ઓપરેશનના બીજા દિવસ વિઝનની તપાસ કરતાં જણાયું કે હવે અમીષાને થોડું થોડું દેખાય છે. આમ હવે તેણી બન્ને આંખથી બરાબર જોઈ શકશે અને પોતાનું જીવન સારી રીતે જીવી શકશે. તેથી અમીષા અને તેના પરિવારજનો ખુબ ખુશ છે.

# હોસ્પિટલ પ્રવૃત્તિ

## આંકડાકીય માહિતી

| વર્ષ | નવા | | જૂના | | નવા બાળકો | | જૂના બાળકો | | આદિવાસી | બિન આદિવાસી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | | | |
| ૨૦૧૧-૨૦૧૨ | ૧૪૭૩૨ | ૧૧૫૪૪ | ૪૦૯૨ | ૩૫૩૩ | ૪૦૨ | ૩૨૮ | ૨૭૨ | ૧૭૪ | ૨૦૫૪૯ | ૧૪૫૨૮ | ૩૫૦૭૭ |
| ૨૦૧૨-૨૦૧૩ | ૧૪૩૨૫ | ૧૩૦૧૧ | ૭૦૭૫ | ૬૫૨૯ | ૧૧૧૪ | ૧૦૩૦ | ૪૯૨ | ૨૯૭ | ૩૩૧૫૧ | ૧૦૭૨૨ | ૪૩૮૭૩ |
| ૨૦૧૩-૨૦૧૪ | ૧૭૬૮૪ | ૧૪૮૪૮ | ૮૭૬૪ | ૭૨૪૫ | ૧૬૪૨ | ૧૪૧૨ | ૬૨૩ | ૩૬૧ | ૩૪૧૦૨ | ૧૮૪૭૭ | ૫૨૫૭૯ |




આદિવાસી – બિનઆદિવાસી




### મન હોય, તો માળવે જવાય !

દિવ્યજયોતિ ટ્રસ્ટમાં યતીન ઠાકોરભાઈ મિસ્ત્રી અને ચિરાગ ઘનસુખભાઈ ટેલર પટાવાળા તરીકે જોડાયા હતા. યતીન બી.કોમ.ના પહેલા વર્ષમાં અભ્યાસ કરતો હતો અને ચિરાગ દસમું નપાસ થયા બાદ અભ્યાસ છોડીને કયાંક નોકરી કરતો હતો. યતીન મિસ્ત્રીએ પટાવાળા તરીકેની કામગીરી સ્વીકાર્યા પછી તક મળતા ઓપ્થેલ્મીક આસીસ્ટંટનો કોર્ષ કર્યો અને એક્ષટર્નલ બી.કોમ.ની પરીક્ષા પણ આપી. ઓપ્થેલ્મીક આસીસ્ટંટની તાલીમ લીધા બાદ, યતીનને કોર્નીયા કલીનીકની જવાબદારી સોંપવામાં આવી. તે આઈ ડોનેશન કરેલા વ્યકિતની ઈ–ન્યુકલીયેશનની કામગીરી પણ શીખી ગયા અને સ્વતંત્ર રીતે તે કામગીરી પણ કરી શકે છે. આ ઉપરાંત નીમચ–મધ્યપ્રદેશ જઈને રેટીનોસ્કોપીની તાલીમ પણ લીધી હવે તે હોસ્પિટલ સ્થિત અન્ય ઓપ્થેલ્મીક આસીસ્ટંટને આ કામગીરી શીખવશે.

ચિરાગ પટાવાળા તરીકે દર્દીની આંખમાં દવાના ટીપા નાખીને ડાઈલેટ કરી, નામ બોલીને ડોકટરને બતાવંવાનું કામ કરતો હતો. ચિરાગની ઝડપ,સમજણ અને કામ કરવાનો ઉત્સાહ જોતા, તેને ઓપ્થેલ્મીક આસીસ્ટંટ તરીકે તાલીમ લેવામાં રસ છે, કે કેમ તે પૂછતા તેણે જણાવ્યું કે તે તાલીમ લેવા ઉત્સુક છે. ટ્રેનિંગ દરમ્યાન સ્પેશ્યાલીટી કલીનીકમાં કામ કરતા રેટીના કલીનીકમાં વધારે રસ પડતો થયો. તેમજ તે સમયના રેટીના કન્સલ્ટન્ટ ડો. ખુશ્બુબહેનને ચિરાગની કામગીરી થી ખૂબ સંતોષ હતો. ચિરાગ ને શરૂઆતમાં ઓસીટી, લેસર, બી–સ્કેન તથા એફ.એફ.એ. જેવા મશીન ચલાવતા ડર લાગતો હતો પણ સીનીયર ઓપ્થેલ્મીક આસીસ્ટંટ જીજ્ઞેશભાઈના માર્ગદર્શન અને પ્રોત્સાહન હેઠળ આ બધા જ મશીનો પર કામ કરવાની ફાવટ આવી ગઈ. ડો. ખુશ્બુબહેને બધા જ મશીનોને ઓપરેટ કરતા, રીપોર્ટ જોતા અને નિદાન કરતા પણ શીખવ્યું. હવે ચિરાગ રેટીના કલીનીકમાં એન્જીયોગ્રાફી ટેકનીશ્યન તરીકે સરસ કામગીરી કરે છે. આમ, પટાવાળા તરીકે ભરતી થનાર બન્ને યુવાનો પૈકી યતિન આઈ બેંક ટેકનીશ્યન તરીકે અને ચિરાગ એન્જીયોગ્રાફી ટેકનીશ્યન તરીકે સ્પેશ્યાલીટી કલીનીકની જવાબદારી સારી રીતે સંભાળી રહયા છે.

# સ્પેશ્યાલીટી કામની આંકડાકીય માહિતી

| સ્પેશ્યાલીટી | ઓપીડી | | | સર્જરી | | |
|---|---|---|---|---|---|---|
| | ૨૦૧૧-૨૦૧૨ | ૨૦૧૨-૨૦૧૩ | ૨૦૧૩-૨૦૧૪ | ૨૦૧૧-૨૦૧૨ | ૨૦૧૨-૨૦૧૩ | ૨૦૧૩-૨૦૧૪ |
| પડદાની તપાસ | ૯૭૦ | ૨૫૧૬ | ૩૬૨૩ | ૧૫૬ | ૬૮૯ | ૬૭૦ |
| ઝામરની તપાસ | ૮૮ | ૧૭૫ | ૧૨૨૯ | ૦ | ૧૨ | ૩૨ |
| કીકીના રોગોની તપાસ | ૭૪ | ૫૫૨ | ૧૪૭૨ | ૩૮ | ૬૨ | ૧૦૩ |
| આંખની પ્લાસ્ટીક સર્જરી | ૯૧ | ૧૨૫ | ૨૯૫ | ૪૧ | ૬૨ | ૧૩૦ |
| બાળકોની આંખ તપાસ | ૫૭ | ૧૪૭ | ૧૮૨ | ૧૪ | ૩૩ | ૩૬ |
| ન્યુરો ઓપ્થેલમોલોજી | ૦ | ૦ | ૧૯૪ | ૦ | ૦ | ૦ |
| લો વિઝન | ૪ | ૧ | ૧૫૧ | ૦ | ૦ | ૦ |
| કુલ | ૧૨૮૪ | ૩૫૧૬ | ૭૧૪૬ | ૨૪૯ | ૮૫૮ | ૯૭૧ |







## આપણું આશાસ્પદ યુવાધન

માંડવી નગરમાં જૂન ૨૦૧૩થી અંધ બાળકો માટે હોસ્ટેલ શરૂ કરવામાં આવી. જેને માંડવીના નગરજનોનો પણ ખૂબ સરસ ટેકો મળ્યો છે. અંધ બાળકો માટે ગામલોકો તરફથી અવારનવાર વસ્તુદાન, ભોજન વિ.નો લાભ મળતો રહે છે.

માંડવીની BBA-BCA કોલેજના વાર્ષિક મહોત્સવ નિમિત્તે કોલેજના યુવાનો નાટક ભજવવાના હતા. તેમાં એક પાત્ર તરીકે હોસ્ટેલના સુરેશ વણઝારા (ઉ.વ.૧૦) ને પણ ભાગ લેવાની તક મળી. નાટકના રીહર્સલ દરમિયાન વાર્ષિક ઉત્સવના સંચાલક એવા બે વિદ્યાર્થીઓ, અંધ બાળકોના વધારે સંપર્કમાં આવ્યા. વાર્ષિકઉત્સવના દિવસે આ બધા બાળકોને કોલેજના પટાગણમાં નિમંત્રણ આપવામાં આવ્યું. વાર્ષિકઉત્સવ દરમ્યાન વિદ્યાર્થી–વિદ્યાર્થીનીઓને જે રોકડ ઈનામ મળ્યું હતું તે પુરેપરી રકમ આ યુવાનોએ અંધ બાળકોના કામ માટે દાનમાં આપી. એટલું જ નહી પણ અંધ બાળકો માટે જે કોમ્પ્યુટર વસાવ્યું તે શીખવવાની જવાબદારી પણ વિરલ ટેલરે સ્વીકારી અને દરરોજ નિયમિત રીતે આ બાળકોને કોલેજથી છૂટીને સાંજે કોમ્પ્યુટર શીખવવા આવે છે.

બાળકો સરસ રીતે કોમ્પ્યુટર પણ શીખી રહયા છે. આમ એક ભાવનાશાળી યુવાન પોતાની પ્રતિભાનો ઉપયોગ સમાજસેવામાં કરે તો કેટલું ઉપયોગી થાય તે ઉપરના પ્રસંગથી સમજી શકાય છે.

## માનવતા મરી નથી પરવારી !!

ગુગરાબેન, ગામ. જામલી, તા.અકકલકુવા, જી. નંદુરબારના વતની છે. માંડવીની હોસ્પિટલ દ્વારા ખાપરમાં કેમ્પ રાખવામાં આવ્યો, તેમાં ગુગરાબેન બતાવવા આવ્યા હતા. કેમ્પમાં તેમની આંખમાં મોતિયો છે, તેમ નિદાન કરીને હોસ્પીટલમાં લાવવામાં આવ્યા. અહી વધુ તપાસ કરતાં જણાયું કે મોતિયો તો છે જ, પણ એ ઉપરાંત પણ કઈ તકલીફ છે જેને માટે સીટીસ્કેન કરાવવું પડે.

સીટીસ્કેનની સુવિધા માંડવીમાં નથી તેથી ગુગરાબેનને બારડોલી મોકલવા પડે તેમ હતું પરંતુ ગુગરાબેન અને તેની સાથે આવેલા બહેન – બારડોલીના અજાણ્યા અને વળી ભાષા પણ ન જાણે અને પૈસા પણ નહી!! તેથી તેઓ બારડોલી જવા તૈયાર નહોતા. આ બધી વાત જાણતા જ એક સદ્‌ગૃહસ્થ મોટરસાઈકલ પર લઈ જવા તૈયાર થઈ ગયા પણ એમાં દર્દીએ એકલા જવું પડે તેમ હતું. આ બધી ચર્ચા ચાલતી હતી તે દરમિયાન એક બહેન પોતાના માતા – પિતાનું ઓપરેશન કરાવવા ગાડી લઈને આવ્યા હતા તેમણે ગુગરાબેનને લઈ જવા તૈયારી બતાવી અને ખરેખર એ બહેન પોતાની ગાડીમાં ગુગરાબેન તથા તેમના સગાને લઈ જઈ સીટીસ્કેન કરાવી લાવ્યા. બીજે દિવસે ન્યુરોઓપ્થેલ્મોલોજીસ્ટ ડો. તનુજાબહેનને દર્દીનો રીપોર્ટ બતાવતા તેમણે વધુ તપાસ માટે MRI કરવાનું જણાવ્યું

બીજે દિવસે દર્દી અને તેના સગાને MRI કરાવવા હોસ્પીટલના સ્ટાફને સાથે મોકલીને સુરત 'છાંયડો' પર મોકલ્યા. MRI કરાવ્યું અને સાંજે રીપોર્ટ ડોકટર તનુજાબહેનને સુરત બતાવ્યો. તે રીપોર્ટ જોયા પછી ગુગરાબેનને દવા સૂચવી પણ તે દવા હોસ્પીટલમાં નહોતી, તેથી બહારથી મંગાવી આપી અને પરિણામ જોવા માટે; તેમને હોસ્પીટલમાં રાખ્યા. કારણકે ખાપરથી પણ પાંચ કિલોમીટર દૂર જામલી ગામે તેઓ રહે છે. અને મજૂરી કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. ૩–૪ દિવસે તેમને રજા આપી

૧ મહિના પછી તેઓ બતાવવા આવ્યા. અને હવે મોતિયાનું ઓપરેશન કર્યા પછી તેઓ જોતા થઈ જશે. આમ એક સદ્‌કાર્યની સાથે જોડાવાની સામાન્ય જનતાની ભાવના હજુ ટકી રહી છે. અને લોકો અમારા માનવતાના કાર્યમાં સહભાગી થઈ રહ્યા છે જેથી કામ સરસ રીતે થઈ રહ્યું છે.

## ભાણાભાઈ ની ગાંઠ દૂર થઈ!

સીત્તેર વર્ષના ભાણાભાઈ ગામીત ગામ–ઉટેવા, તા. માંડવીના રહીશ છે. તેમને છેલ્લા પાંચ–છ વર્ષથી ડાબી આંખમાં સોજો અને દુઃખાવો રહેતો હતો. આને કારણે ડાબી આંખ ખુબ ઉપસેલી–મોટી લાગે, એકવાર સુરત બતાવ્યું હતું પણ પછી નાણાંના અભાવે દુઃખાવો ઓછો કરવાની દવા પીને સહન કર્યા કરતા હતા.

સંજોગવસાત્ તેમના ગામમાં નેત્રનિદાન કેમ્પમાં તેઓ બતાવવા આવ્યા. ડોકટરે તેમને તેજસ આંખની હોસ્પિટલમાં જવાનું સૂચન કર્યુ. માંડવીમાં તપાસ કરતા તેમને ઓકયુલોપ્લાસ્ટીના સર્જન ડો. બકુલભાઈને બતાવવાની ભલામણ કરી જે માંડવી દર મહીને એકવાર આવે છે. ડો. બકુલભાઈએ તપાસીને MRI કરાવવાની સલાહ આપી. ભાણાભાઈ સુરતમાં MRI કરાવી લાવ્યા જે MRI રીપોર્ટ પરથી જણાયું કે તેમની ડાબી આંખની પાછળ લોહીની ગાંઠ છે અને તેને ઓપરેશન કરી દૂર કરવી પડશે. આ ઓપરેશન ઘણું અટપટું–ધીરજ માંગી લે તેવું હતું. એનેસ્થેટીસ્ટની પણ જરૂર પડે. તેથી આ બધી વ્યવસ્થા કરીને ભાણાભાઈનું ઓપરેશન કર્યુ. જે લગભગ ત્રણ કલાક ચાલ્યું, પણ આ ગાંઠ દુર થઈ ગઈ. ભાણાભાઈનો દુઃખાવો મટી ગયો અને ડાબી આંખ મોટી–સૂજેલી દેખાતી હતી તે પણ સામાન્ય થઈ ગઈ.

અગાઉ ભાણાભાઈ આંખમાં થતા અસહ્ય દુઃખાવાથી રડતા હતા. હવે તેમને તદ્દન રાહત થઈ ગઈ છે. તેથી હરખથી તેમની આંખમાં આંસુ આવે છે. તેઓ અને તેમના પરિવારજનો સહિત સૌ ખુબ ખુશ છે અને જણાવે છે કે ખરેખર માંડવી જેવા નાના શહેરમાં આ હોસ્પીટલ અને સ્ટાફ ભગવાનના આશીર્વાદ સમાન છે.

આવા ઓપરેશન ખુબ ઓછા જોવા મળે છે. અને તેમાં પણ ગુજરાતની ૨–૩ હોસ્પીટલને બાદ કરતા જવલ્લેજ આ પ્રકારનું ઓપરેશન થઈ શકે છે કારણકે એ અંત્યત ધીરજ – સમય – નાણાં વગેરે માગીલે એવું છે જે ગરીબ દર્દીને કોઈ પણ સંજોગોમાં પરવડેજ નહી!! ઉપરાંત ડો. બકુલભાઈ જેવા અનુભવી ડોકટરની જરૂર પડે છે.

આવા અતિ જટીલ અને જવલ્લેજ કરવામા આવતા ઓપરેશન દ્વારા દર્દીની સારવાર કરવાનું અમને મળ્યું તે બદલ ઈશ્વરનો ઘણો ઉપકાર!

# ભૌગોલીક વિસ્તાર પ્રમાણે કુલ કામગીરી

| રાજય | જીલ્લો | નવા | | જુના | | કુલ | | દાખલ દર્દી | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ગુજરાત | | ૨૦૧૨–૨૦૧૩ | ૨૦૧૩–૨૦૧૪ | ૨૦૧૨–૨૦૧૩ | ૨૦૧૩–૨૦૧૪ | ૨૦૧૨–૨૦૧૩ | ૨૦૧૩–૨૦૧૪ | ૨૦૧૨–૨૦૧૩ | ૨૦૧૩–૨૦૧૪ |
| | સુરત | ૨૨૫૪૨ | ૨૪૧૦૯ | ૧૨૫૪૦ | ૧૩૬૦૭ | ૩૫૦૮૨ | ૩૭૭૧૬ | ૩૨૬૭ | ૩૪૧૫ |
| | તાપી | ૨૫૬૧ | ૪૫૩૩ | ૪૩૯ | ૯૫૪ | ૩૦૦૦ | ૫૪૮૭ | ૩૬૯ | ૬૬૧ |
| | ભરૂચ | ૧૭૫૬ | ૨૩૯૩ | ૮૪૫ | ૧૩૯૨ | ૨૬૦૧ | ૩૭૮૫ | ૪૫૯ | ૪૯૫ |
| | નર્મદા | ૯૩૬ | ૧૯૪૯ | ૭૭ | ૧૭૫ | ૧૦૧૩ | ૨૧૨૪ | ૪૧ | ૧૪૫ |
| | નવસારી | ૪૮૪ | ૪૫૪ | ૧૪૪ | ૨૫૫ | ૬૨૮ | ૭૦૯ | ૯૮ | ૧૦૭ |
| | વલસાડ | ૩૦ | ૪૫૦ | ૨૫ | ૧૦૨ | ૫૫ | ૫૫૨ | ૧૪ | ૮૬ |
| | અન્ય | ૧૩૫ | ૩૨૧ | ૭૧ | ૧૨૬ | ૨૦૬ | ૪૪૭ | ૫૧ | ૫૬ |
| **સબ ટોટલ** | | **૨૮૪૪૪** | **૩૪૨૦૯** | **૧૪૧૪૧** | **૧૬૬૧૧** | **૪૨૫૮૫** | **૫૦૮૨૦** | **૪૨૯૯** | **૪૯૬૫** |
| અન્ય | | | | | | | | | |
| | અન્ય | ૫૦ | ૩૬ | ૩૭ | ૫૦ | ૮૭ | ૮૬ | ૧૦ | ૧૨ |
| | **સબ ટોટલ** | **૫૦** | **૩૬** | **૩૭** | **૫૦** | **૮૭** | **૮૬** | **૧૦** | **૧૨** |
| મહારાષ્ટ્ર | | | | | | | | | |
| | મહારાષ્ટ્ર | ૧૫૩ | ૩૫૯ | ૧૭૧ | ૧૯૫ | ૩૨૪ | ૫૫૪ | ૮૧ | ૮૮ |
| | નંદુરબાર | ૮૩૩ | ૯૮૨ | ૪૪ | ૧૩૭ | ૮૭૭ | ૧૧૧૯ | ૧૧૮ | ૧૬૫ |
| | **સબ ટોટલ** | **૯૮૬** | **૧૩૪૧** | **૨૧૫** | **૩૩૨** | **૧૨૦૧** | **૧૬૭૩** | **૧૯૯** | **૨૫૩** |
| | **કુલ ટોટલ** | **૨૯૪૮૦** | **૩૫૫૮૬** | **૧૪૩૯૩** | **૧૬૯૯૩** | **૪૩૮૭૩** | **૫૨૫૭૯** | **૫૦૫૨** | **૫૬૭૪** |
| | નેત્રંગ | ૨૮૩૫ | ૩૩૯૨ | ૮૬૯ | ૧૦૮૫ | ૩૭૦૪ | ૪૪૭૭ | ૩૫૪ | ૩૧૫ |
| | ઝંખવાવ | ૧૧૫૨ | ૧૭૬૫ | ૩૭૫ | ૮૬૧ | ૧૫૨૭ | ૨૬૨૬ | ૧૯૦ | ૧૨૯ |
| | **કુલ** | **૩૯૮૭** | **૫૧૫૭** | **૧૨૪૪** | **૧૯૪૬** | **૫૨૩૧** | **૭૧૦૩** | **૫૪૪** | **૪૪૪** |

# ઓપરેશન કામગીરી

| સર્જરીનું નામ | પૈસા ભરેલા | | અંશત : માફી | | સંપૂર્ણ માફી | | કુલ ઓપરેશન | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૨૦૧૨ - ૨૦૧૩ | ૨૦૧૩ - ૨૦૧૪ | ૨૦૧૨ - ૨૦૧૩ | ૨૦૧૩ - ૨૦૧૪ | ૨૦૧૨ - ૨૦૧૩ | ૨૦૧૩ - ૨૦૧૪ | ૨૦૧૨ - ૨૦૧૩ | ૨૦૧૩ - ૨૦૧૪ |
| મોતિયો ફેકોવડેનેત્રમણિ સહિત | ૧૬૭ | ૨૨૩ | ૦ | ૦ | ૪૨૯ | ૪૦૨ | ૫૯૬ | ૬૨૫ |
| મોતિયાનું ટાંકા વગર નેત્રમણિ સાથે | ૩૬૧ | ૩૮૬ | ૧૧૧૦ | ૨૭૫ | ૧૭૫૯ | ૨૮૦૯ | ૩૨૩૦ | ૩૪૭૦ |
| સાદો મોતિયો – નેત્રમણિવિના | ૩ | ૫ | ૫ | ૨ | ૭ | ૧૧ | ૧૫ | ૧૮ |
| મોતિયો–ઝામર–નેત્રમણિ | ૧ | ૫ | ૩ | ૪ | ૧ | ૧૪ | ૫ | ૨૩ |
| મોતિયો–વેલ–નેત્રમણિ | ૧૪ | ૧૦ | ૬ | ૭ | ૨૫ | ૮૪ | ૪૫ | ૧૦૧ |
| ઝામરનું ઓપરેશન | ૪ | ૨ | ૪ | ૧ | ૧ | ૭ | ૯ | ૧૦ |
| કીકી બદલવાનું ઓપરેશન | ૧૩ | ૧૮ | ૪૮ | ૭ | ૦ | ૬૭ | ૬૧ | ૯૨ |
| એવાસ્ટીન ઈજેકશન | ૩૯૧ | ૩૧૨ | ૭૮ | ૬૪ | ૧૦ | ૫૧ | ૪૭૯ | ૪૨૭ |
| વેલ | ૪૩ | ૩૮ | ૪૧ | ૧૧ | ૧૭ | ૯૫ | ૧૦૧ | ૧૪૪ |
| ખસી ગયેલ પડદાનું ઓપરેશન | ૬ | ૫ | ૧૨ | ૨ | ૦ | ૫ | ૧૮ | ૧૨ |
| વિટ્રેકટોમી | ૩૬ | ૪૫ | ૫૧ | ૩૨ | ૧૬ | ૭૧ | ૧૦૩ | ૧૪૮ |
| નાસુરનું ઓપરેશન | ૧૧ | ૨૧ | ૧૪ | ૧૮ | ૫ | ૨૪ | ૩૦ | ૬૩ |
| રેટીના ડીટેચમેન્ટ+વિટ્રેકટોમી | ૧૧ | ૧૭ | ૧૮ | ૨૨ | ૨ | ૨૬ | ૩૧ | ૬૫ |
| મોતિયો–વિટ્રેકટોમી– નેત્રમણિ | ૯ | ૮ | ૧૫ | ૭ | ૨૯ | ૭૨ | ૫૩ | ૮૭ |
| પડદાની અન્ય સારવાર | ૨ | ૩ | ૫ | ૫ | ૦ | ૯ | ૭ | ૧૭ |
| ઢળેલી પાંપણની શસ્ત્રક્રિયા | ૧ | ૨ | ૦ | ૦ | ૧ | ૬ | ૨ | ૦૮ |
| અંદર વળેલી પાંપણની શસ્ત્રક્રિયા | ૭ | ૭ | ૬ | ૨ | ૯ | ૧૫ | ૨૨ | ૨૪ |
| પ્રોબીંગ | ૯ | ૨ | ૦ | ૨ | ૧ | ૧ | ૧૦ | ૦૫ |
| અન્ય પ્લાસ્ટીક સર્જરી | ૦ | ૧૬ | ૨ | ૧૦ | ૦ | ૩ | ૨ | ૨૯ |
| ત્રાસી આંખ | ૩ | ૩ | ૫ | ૪ | ૬ | ૯ | ૧૪ | ૧૬ |
| અન્ય ઓપરેશન | ૬૫ | ૫૯ | ૪૪ | ૨૬ | ૧૬ | ૯૪ | ૧૨૫ | ૧૭૯ |
| આંખમાંથી કચરૂં કાઢવાની પ્રક્રિયા | ૧૯૯ | ૪૪૧ | ૬ | ૩ | ૦ | ૭ | ૨૦૫ | ૪૫૧ |
| મોતિયા પછી થતી છારી કાઢવાનું લેસર | ૨૨૯ | ૨૯૨ | ૧૦૯ | ૪૯ | ૭૦ | ૨૫૨ | ૪૦૮ | ૫૯૩ |
| લેસર વડે પડદાની સારવાર | ૨૦૪ | ૨૦૨ | ૯૫ | ૩૬ | ૦ | ૪૧ | ૨૯૯ | ૨૭૯ |
| ચક્ષુદાન માટે ચક્ષુ કાઢવાની ક્રિયા | ૦ | ૦ | ૦ | ૦ | ૫ | ૮ | ૫ | ૮ |
| કુલ | ૧૭૮૯ | ૨૧૨૨ | ૧૬૭૭ | ૫૮૯ | ૨૪૦૪ | ૪૧૭૫ | ૫૮૭૦ | ૬૮૮૬ |

## ડાયાબિટીસના સર્વેનું ફોલોઅપ :–

અંધજન પુનર્વસન કાર્યક્રમના ભાગ રૂપે ૪૦ વર્ષથી વધુ ઉંમરના બધાજ લોકોની ઘેરઘેર ફરીને લોહી તથા પેશાબની તપાસ કરવામાંઆવી હતી. સર્વે દરમિયાન ડાયાબિટીસવાળા ૭૯૩ લોકો મળેલા. આ બધાને તેઓની ડાયાબિટીસ માટેની તપાસ તથા આંખના પડદાની તપાસ કરાવવા માટે જણાવેલું. એક વર્ષ જેટલા સમય બાદ પણ આમાંથી ફકત ૧૧૦ જેટલા જ લોકો આંખ તપાસાવવા આવ્યા. આથી અમે ફરીથી ઘેર ઘેર જઈ બાકીના લોકો આંખ બતાવવા કેમ નથી આવ્યા તેની વિગત તપાસવાનુંનકકી કર્યુ.

આ વખતે ૬૪૫ વ્યકિતઓને અમે મળ્યા અને ૧૪૮ લોકોની વિવિધ કારણસર તપાસ થઈ શકી નહી. ૧૪૮ માંથી ૨૬ લોકો મૃત્યુ પામ્યા હતા. બાકીનામાંથી ૩૨ લોકો હાજર નહોતા અને બાકીનાએ જવાબ ન આપ્યા અથવા જણાવ્યું કે તેમને કોઈ તકલીફ નથી.આ તપાસ થઈ તેમાંમોટા ભાગના લોકો ૪૫ થી ૬૦ વર્ષની વયજૂથમાં હતા. ૨૨૧ લોકોના લોહીના નમૂના લીધા હતા તેમાંથી ૧૮૭ લોકોને ડાયાબિટીસ હતો અને ૩૪ લોકોને ડાયાબિટીસ નહોતો. ૬૨૦ લોકોની પેશાબની તપાસ કરી તેમાંથી ૪૮ લોકોના પેશાબમાંખાંડનુંપ્રમાણ વધારે હતું, ૫૩૫ લોકોના પેશાબમાંખાંડનુંપ્રમાણ શૂન્ય હતું અને ૩૭ લોકોએ તપાસ કરાવવાની ના પાડી.

૬૪૫ લોકો પૈકી ૪૮૮ લોકોએ ડાયાબિટીસ માટે ફીઝીશ્યનને બતાવ્યું હતું. ૪૮૮ દર્દીઓ પૈકી મોટાભાગના દર્દીઓ (૯૦%) ભોજન નિયમન, કસરત અને મોઢેથી ગળવાની ટીકડીઓ દ્વારા ડાયાબિટીસ કંટ્રોલ કરતા હતા અને ૩.૫% થી ૪% દર્દીઓ ઈન્સ્યુલીનના ઈંજેકશન થી ડાયાબિટીસને નિયમનમાંરાખતા હતા.

ડાયાબિટીસની આંખ પર થતી અસર બાબત પૂછતા ૪૫૮ (૮૩%) જેટલા લોકો એ વિશે સભાન હતા અને તેમાંથી ૨૬૧ (૫૭%) લોકોએ ડાયાબિટીક રેટીનોપથીની તપાસ કરાવી હતી. આ લોકો પૈકી ૧૮૭(૭૨%) લોકોને પડદા પર અસર થઈ નહોતી પણ ૭૪(૨૮%) લોકોને ડાયાબિટીક રેટીનોપથીની અસર જણાઈ હતી. આ ૭૪માંથી ૨૬ (૩૫%) લોકોને તે વખતે સારવારની જરૂર નહોતી પણ બાકીના ૪૮ (૬૫%) લોકો પૈકી ૧૧% લોકોને સર્જરી દ્વારા, ૮ લોકોને લેસર દ્વારા, ૧૧ લોકોને એવાસ્ટીન ઈંજેકશન દ્વારા અને બાકીના ૨૦ લોકોને લેસર અને એવાસ્ટીન બન્ને દ્વારા સારવાર કરવામાંઆવી. ડોકટરને બતાવવા જનારા ૨૭૧ દર્દીઓ પૈકી ૭૮.૬% લોકો ચેરીટેબલ સંસ્થામાંકે બિનસરકારી દવાખાનામાંબતાવવા ગયા, ૩૪ (૧૨.૫%) લોકો ખાનગી દવાખાનામાંઅને (૮.૫%) સરકારી દવાખાનામાંબતાવવા ગયા હતા.

ડાયાબિટીસ ધરાવતા દર્દીઓ ઓપ્થેલ્મોલોજીસ્ટને ન બતાવવા ગયા તેનુંકારણ શોધતાંજાણવા મળ્યું, કે મુખ્ય કારણ "પૈસાનો અભાવ–" ૧૮૯ માંથી ૯૫ લોકો (૫૦.૩%)," સાથે આવનાર કોઈ ન હોય" – ૮૯માંથી૩૧ (૧૬.૪%) અને"અન્ય કામને અગ્રિમતા આપવાને કારણે, સમયનો અભાવ"– ૧૮૯માંથી ૨૪ (૧૨.૬%) છે. બાકીના કારણોમાં"ડર લાગે","જરૂર નથી કે "અન્ય શારીરીક તકલીફ છે." એટલે સમગ્રપણે જોતાંપૈસાનો "અભાવ "અને અંગત કારણો" તેમ જ" બતાવવાની જરૂર નથી એ મુખ્ય અવરોધક બાબત છે. જોકે અમારા પ્રયત્નોથી ડાયાબિટીસ તથા તેની આડ અસરો વિશે આ વિસ્તારના લોકોમાંજાગૃતિ આવી હોય એવુંજણાયુંતેનો અમને આનંદ છે.

## રીસર્ચ એકટીવીટી :

ડો. રોહનભાઈએ માંડવી તાલુકામાં એપ્રીલ–મે મહિના દરમ્યાન રીફ્રેકટીવ એરર અંગેનો સર્વે કર્યો તેના અભ્યાસ પરથી જે પેપર તૈયાર (RAVI - Rapid Assessment of Visual Impairment) કર્યા તેને જુદી જુદી કોન્ફરન્સમાંરજૂકરવામાંઆવ્યા તેને ઘણો સારો પ્રતિસાદ મળી રહયો છે. આ માટે સર દોરાબજી ટાટા ટ્રસ્ટ, મુંબઈ તરફથી સંપૂર્ણ આર્થિક સહયોગ મળ્યો. સર્વે દરમ્યાન ૪૫૪ જેટલા નજીકના નંબર (Presbyopia – બેતાલા) ના ચશ્માનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું.અને જરૂરિયાત મંદ વ્યકિતઓની આંખની અન્ય સારવાર માંડવી ખાતે તેજસ આંખની હોસ્પિટલમાં નિઃશુલ્ક કરવામાં આવી. અંધ જન પુનર્વસન કાર્યકરો ની સાથે રહીને ડાયાબિટીસની ઘરે ઘરે જઈને તપાસ કરવામાં આવી. ૪૮૦૫૩ લોકોનો સર્વે કર્યો જેમાંથી ૨૬૭૭૮ (૫૫.૭%) આદિવાસી હતા. કુલ ૬૬૨ લોકો અંધ જણાયા (૧.૩૭%). ૬૬૨ માંથી ૪૭૫ (૭૧.૭%) પુરૂષો અને ૧૮૩ (૨૮.૩%) સ્ત્રીઓ હતા. ૪૮૦૫૩ લોકો પૈકી ૫૬૧૯ (૧૧.૬%) પાસે બીપીએલ કાર્ડ હતા જયારે ૮૨૯(૧.૭%) લોકો પાસે સ્માર્ટ કાર્ડ હતા અને ૧૨૯૯ (૨૭%) લોકો પાસે બંને કાર્ડ હતા.

## ઘરે ઘરે જઈ અંધત્વનુંપ્રમાણ જાણવાનો સર્વેઃ–

જોવાની તકલીફ ધરાવતા કુલ ૪૩૧ લોકો (દર્દી) મળ્યા. તેમાંર૬૯ (૬૨.૪%) પુરુષો અને ૧૬૨ (૩૭.૬%) સ્ત્રીઓ હતી આ પૈકી ૮૨% આદિવાસી (૩૫૪ લોકો) અને ૧૮% બિન આદિવાસી હતા.આ ૪૩૧ લોકો પૈકી માત્ર ૪૦ લોકોએ તેમની દ્રષ્ટિની ખામીને સુધારવા સારવાર લીધી જેમાંર૦ સ્ત્રીઓ અને ૨૦ પુરૂષો હતા.આમાંથી ૧૦ લોકોના ઘરે અન્ય અંધ વ્યકિત પણ હતા. ફકત ૨૦ લોકોને સરકાર તરફથી અંધ લોકોને મળતા લાભ વિશે માહિતી હતી જેમાં૧૪ (૭૦%) પુરૂષો અને ૬(૩૦%) સ્ત્રીઓ હતી. વ્યવસાયની દ્રષ્ટિએ જોતાંમોટા ભાગના ખેતમજૂર (૪૩૧માંથી ૧૫૩–૩૫.૫%), ખેડૂતો (૪૩૧માંથી ૧૩૫–૩૧%) અને બેકાર (૪૩૧માંથી ૬૮–૧૬%) હતા. અંધત્વ આવતાંપહેલાંતેઓનો મુખ્ય વ્યવસાય ખેતી (૩૮.૩%) તથા ખેતમજૂરી (૨૩.૭%) હતો, બાકીના બેકાર હતા. ૩૫૭ (૮૨.૮%) લોકો અન્ય કોઈની સહાય વગર સ્વતંત્ર રીતે હરીફરી શકતા હતા. ૧૭ લોકો તેઓની રોજીંદી પ્રવૃતિ જાતે કરી શકતા હતા. જયારે ૧૨ લોકો અંધત્વ હોવા છતાંરોજી મેળવતા હતા. ૪૩૧ માંથી ૧૨ લોકોને (લો વિઝન ઉપરાંત) અન્ય કારણસર અંધત્વ હતુંઅને ૬ લોકોને સાંભળવાની તકલીફ પણ હતી.

અંધત્વના મુખ્ય કારણો તપાસતા જણાયુંકે ૬૮% (૪૩૧માંથી ૨૯૩) લોકોને મોતિયાને કારણે, બીજા ક્રમે વાગવાને કારણે (૪૩૧માંથી ૩૭ લોકોને) અને કીકીના ચાંદાને કારણે (૪૩૧માંથી ૩૫) અંધત્વ આવ્યુંહતું. આમાંથી ૯૩(૨૧.૫%) લોકોને સંપૂર્ણ અંધત્વ હતુંજયારે ૩૩૮(૭૮.૪%) લોકોને અંશતઃ અધત્વ હતું. અંધત્વની તકલીફ ધરાવતા સ્ત્રીઓ–પુરૂષોની ટકાવારી લગભગ સરખી છે.

મોટા ભાગના લોકો તેમની ૫ વર્ષની વય થતાંપહેલાંજ અંધ બની ગયા હતા. ટકાવારી જોઈએ, તો (૪૩૧માંથીર૫૮)લગભગ ૬૦% અને બાકીના ૪૩૧માંથી ૭૬ લોકો (લગભગ ૧૮%) ૬ થી ૧૦ વર્ષની વય દરમિયાન અંધ બન્યા. ૪૩૧ લોકો પૈકી ફકત ૫% (૨૧) લોકો પાસે અંધત્વનું પ્રમાણપત્ર હતું. ૨૮ લોકો (૬.૫%) પાસે બસ પાસ હતા ફકત ૧૦ (૨.૩%) લોકો પેન્શન મેળવતા હતા. જયારે માત્ર ૪ (૦.૭%) લોકો દ્રષ્ટિની ક્ષતિ હોવા છતાંઅભ્યાસ કરી રહયા હતા. ૪૩૧ લોકોમાંથી ૪૨૦ લોકો દ્રષ્ટિની ખામીવાળા જણાયા જેમાંથી ૮૮% (૩૬૯/૪૨૦) ને લો વિઝનની તકલીફ હતી જયારે બાકીના (૧૧.૮%) (૪૮ લોકો સંપૂર્ણ અંધ હતા.)

## RAVI સર્વેના તારણો :–

અંધત્વ,જોવાની ખામી,ચશ્માના નંબરની ખામી અને નજીકના નંબરની ખામી (presbyopia – બેતાલા) નું પ્રમાણ અનુક્રમે ૨%, ૨૭%, ૧૭%, અને ૫૧.૮% છે.ચશ્માના દરના નંબરની ખામી ધરાવતા લોકો પૈકી ૩૮.૨% ની પાસે ચશ્મા હતા. અને નજીકના નંબરની ખામી (Presbyopia – બેતાલા)ધરાવતા લોકો પૈકી ૩૮.૯% લોકો પાસે ચશ્મા હતા. ગામડાંકરતા શહેરી વિસ્તારમાં ચશ્માં પહેરવાનું પ્રમાણ બમણું જણાયું. (જોવાની ખામી) Visual Impairment ના મુખ્ય કારણોમાં૬૭.૪% તથા મોતિયો ૨૭.૪% જવાબદાર હતા. સારવાર નહી લેવાનાં કારણોમાં મુખ્યતઃ નબળી આર્થિક પરિસ્થિતી (૩૭%) જવાબદાર હતી.

## ચક્ષુદાન અંગે જાગૃતિ : (આરોગ્ય શિક્ષણ)

ગામના લોકોને આંખની સંભાળ રાખવા બાબતે જાગૃત કરવા જુદા જુદા પ્રયત્નો કરવામાંઆવે છે. જેના ભાગરૂપે આંખના જુદા જુદા રોગ વિશે સમજ આપતી પત્રિકા અગાઉ તૈયાર કરી હતી. આ વર્ષે "કોમ્પ્યુટર વિઝન સીન્ડ્રોમ" – (કોમ્પ્યુટર પર સતત કામ કરવાને કારણે થતી તકલીફ) વિશે ગુજરાતીમાંપત્રિકા તૈયાર કરી છે. જે જનસમાજને ઉપયોગી નીવડશે.

વિશ્વ દ્રષ્ટિ દિવસની ઉજવણીના ભાગ રૂપે માંડવી ગામમાંરેલીનુંઆયોજન કરવામાંઆવ્યુંહતુંઆ રેલીમાંવી.એફ હાઈસ્કુલના વિદ્યાર્થીઓ, સ્ટાફ અને દિવ્યજયોતિ ટ્રસ્ટના સ્ટાફે ભાગ લીધો હતો. આ રેલી યોજવાનો મુખ્ય હેતું એ હતો કે આંખના રોગ વિશે જાણકારી મળે અને અંધત્વનું પ્રમાણ ઓછું થાય. રેલીમાં આશરે ૬૦૦ થી ૭૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ચક્ષુદાન પખવાડીયાની ઉજવણીના ભાગ રૂપે અરેઠ ગામમાં રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું જેનો હેતું એ હતો કે વધારે લોકો ચક્ષુદાન કરે. આ રેલીમાં અરેઠ હાઈસ્કુલના ૩૦૦ વિદ્યાર્થીઓ અને સ્ટાફના સભ્યોએ ભાગ લીધો હતો.

## તાલીમ પ્રવૃત્તિ

### (૧) સ્ટાફની તાલીમ :

કલ્પેશ ચૌધરી અને મયંક તંબોલીની ઓપ્થેલ્મીક આસીસ્ટંટ અને દીપક વસાવાની ઓપ્થેલ્મીક નર્સીંગની તાલીમ સંસ્થામાંજ કરી. ઓટી સ્ટાફ માટે ઈન્ફેકશન કંટ્રોલ પર ૧ દિવસના સેમીનારનુ આયોજન કર્યુ. નર્સીંગ સ્ટાફ માટે કટોકટી વખતે બેઝીક લાઈફ સેવીંગ કરવા જરૂરી પદધતિ ની તાલીમ મુંબઈથી ડો.અનુજ કલાર્કે આવીને કરી. ઓપ્થેલ્મીક આસીસ્ટંટ અને નર્સીંગ સ્ટાફની લેખિત પરિક્ષા લીધી.

ડો.શીતલબહેને બે માસની ઝામરની સારવારની તાલીમ પુના જઈને લીધી.

ચશ્મા ફીટીંગનુંકામ સંભાળતા ચિંતન શિરોહીયા ને પાંચ અઠવાડીયા તાલીમ લેવા વિદિશાની સંસ્થા સદગુરૂ નેત્ર ચિકિત્સાલય, આંનદપુર મોકલ્યા હતા. તેમણે સંસ્થાની કામગીરી વિશે જાણીને ચિંતનની તાલીમ નિઃશુલ્ક કરી.

ભાવેશ રાઠોડે ૧ માસની લો વિઝનની ટ્રેનિંગ શ્રોફ ચેરીટી આઈ હોસ્પિટલમાંનવી દિલ્હી ખાતે લીધી. હવે તેઓ લો વિઝનની કામગીરી સંભાળશે.

પ્રદીપ પટેલ, રંજન પરમાર અને યતિન મિસ્ત્રીને ત્રણ દિવસ આઈ બેન્ક કાઉન્સેલીંગની તાલીમ લેવા થાણે–મહારાષ્ટ્ર મોકલ્યા હતા.

નિખીલ મહેતા, માધવી ગજ્જીવાળા અને ડો. પરિમલ ચરીવાળા ટ્રેનિંગ ઓફ ટ્રેનર્સની તાલીમ માટે મદુરાઈની અરવિંદ આઈ હોસ્પિટલમાં ગયા હતા.

હૈદ્રાબાદની ઇન્ડીયન ઈન્સ્ટીયુટ ઓફ પબ્લીક હેલ્થ દ્વારા ડાયાબિટીક રેટીનોપથીનો સર્વે કરવા માટેની કામગીરી હાથ ધરવા આગોતરા પ્લાનીંગ અને તાલીમ માટે અજેન્દ્ર સુણવા હૈદ્રાબાદ ગયા હતા.

ગત વર્ષની જેમ આ વર્ષે શૈક્ષણીક પ્રવાસના ભાગ રૂપે સ્ટાફના બધા સભ્યોને બે જૂથમાં અંજલી–રણાસણ; રકતપિત માટે કામ કરતી સંસ્થા – કુષ્ઠરોગ ટ્રસ્ટ, રાજેન્દ્રનગર જી.મોડાસા તેમજ શામળાજી સામુહીક આરોગ્ય કેન્દ્ર અને મોડાસાની સાર્વજનિક હોસ્પિટલની મુલાકાત કરાવી.

### (૨) બહારના સ્ટાફની તાલીમ :

જીવન અક્ષય ચેરિટેબલ ટ્રસ્ટ, વડોદરાના બે સ્ટાફ સભ્યો હેતલ અને મીતેશની ઓપ્થેલ્મીક આસીસ્ટંટ ની તાલીમ અહીકરી. તે જ રીતે ચોરવાડ, જી. જૂનાગઢ ના ત્રણ સ્ટાફ સભ્યો પૈકી કુલદીપ રાઠોડ અને ધર્મેન્દ્રસીહની ૬ માસની ઓપ્થેલ્મીક આસીસ્ટંટ અને કેતનની ૪ માસની ઓપ્થેલ્મીક આસીસ્ટંટ અને ૨ માસની ચશ્મા ફીટીંગની તાલીમ અહીકરી.

સોનેપુર ઓરિસ્સાથી આવેલા લેબોરેટરીના સ્ટાફની ૭ દિવસની અને ઓટી સ્ટાફની ૩ દિવસની તાલીમ અહીઆપી.

ફેકો પધ્ધતિથી આંખના ઓપરેશન કરવાની તાલીમ સેવા રૂરલના ઓપ્થલ્મોલોજીસ્ટ ડો.દિવ્યાબહેન, ડો.ચિરાગભાઈ, ડો.ચારૂબહેન અને ડો. મહેમૂદભાઈને આપી.

સીપ્લા કંપની માટે વેબીનારનું આયોજન કર્યુ, જેનો વિષય હતો–ઈન્ફેકશન કંટ્રોલ.

### (૩) કન્સલ્ટન્સી અને ઈવેલ્યુએશન :

ડો. ઉદયભાઈએ વર્ષ દરમિયાન જુદી જુદી હોસ્પિટલ અને સંસ્થાઓને ઈવેલ્યુએશનની કામગીરી કરી આપી. જેમાં લખનૌ ઉ.પ્રની મહાત્માગાંધી આઈ હોસ્પિટલ, ચોરવાડની લાયન્સ આઈ હોસ્પિટલ, વાંકાનેરની દોશી આઈ

હોસ્પિટલ, કાનપુરઆઈ હોસ્પિટલ, ચીખોદરાની રવિશંકર મહારાજ આઈ હોસ્પિટલ, બારમેર રાજસ્થાનની બી.જે. એસ.એસ; ઓરીસ્સાની લેપ્રા સોસાયટીનો સમાવેશ થાય છે.આ ઉપરાંત વડોદરાની મહારાજા સયાજીરાવ સાર્વજનિક હોસ્પિટલના ઓટીનું તેમજ એમ. એન્ડ જે. ઈન્સ્ટીટયૂટ, અમદાવાદના ઓટીનું મૂલ્યાંકન પણ કર્યુ.

## (૪) વર્કશોપ અને કોન્ફરન્સ :

એપ્રીલમાં ભોપાલમાં વિઝન ૨૦૨૦ ની કોન્ફરન્સમાં ડો.ઉદયભાઈ, ડો. રોહન ચરિવાલા, ડો.પરિમલ ચરિવાલા તથા નર્સીગ સ્ટાફમાંથી લીલા વસાવા, સુનિતા વસાવા, ઓફિસ સ્ટાફ મેહુલ સોલંકી, પ્રતીક ભગતવાળા તથા આઉટરીચ પ્રવૃતિમાંથી અજેન્દ્રસિંહ સૂણવા તથા પ્રદીપભાઈ પટેલે ભાગ લીધો.

દિલ્હી ઓપ્થેલ્મોલોજી સોસાયટીની વાર્ષિક કોન્ફરન્સમાં ડો. રોહનભાઈ અને ડો. ખુશ્બુબહેન રીસોર્સ પર્સન તરીકે હાજર રહયા. આણંદમાં ડાયાબિટીક રેટિનોપથી માટે એકશન પ્લાનની માહિતી રાજયની અન્ય સંસ્થાઓને આપવા માટેના વર્કશોપમાં ડો. ઉદયભાઈ રિસોર્સ પર્સન તરીકે હાજર રહયા. દાહોદ ખાતે ચશ્માની ખામી ધરાવતા લોકોને અપાતી સુવિધાને વધુ મજબુત બનાવવા માટેની કોન્ફરન્સમાં ડો. ઉદયભાઈએ રીસોર્સ પર્સન તરીકે, તેમજ ઓપ્થેલ્મીક આસીસ્ટંટ જીજ્ઞેશ, રાજેશ, ભાવેશ, અલ્પેશ, કલ્પેશ, ચિરાગ અને યતિને ડેલીગેટ તરીકે હાજરી આપી.

કોમ્યુનીટી ઓપ્થેલ્મોલોજી સોસાયટી ઓફ ઈન્ડિયા (COSI) ની વાર્ષિક મિટીંગ ૨૨–૨૩ નવેમ્બરના રોજ માંડવી ખાતે કરી. તેમાં સ્થાનિક(ગુજરાત) કક્ષાના સમાજ માટે કામ કરતા ડોકટરને સન્માનિત કર્યા. વીસનગરના ડો. મિહીરભાઈ જોષીને વ્યકિતગત રીતે તથા વિરનગરની સૌરાષ્ટ્ર સેન્ટ્રલ હોસ્પિટલને સંસ્થાકીય રીતે સન્માનિત કર્યા. કોમ્યુનીટી ઓપ્થેલ્મોલોજી સોસાયટી ઓફ ઈન્ડિયાએ દાહોદની ઓમ ટ્રસ્ટ સંચાલીત દ્રષ્ટિ નેત્રાલયને સંસ્થાકીય રીતે સન્માનિત કરી જે સંસ્થા વતી ડો. મેહુલ શાહે સ્વીકાર્યુ તથા કોચીની સેંટ જોસેફ આઈ ઈન્સ્ટીટયૂટના ડો. નેલ્સન જેસુદાસનને વ્યકિતગત રીતે સન્માનિત કર્યા પરંતુ તેઓ હાજર રહી શકે તેમ નહોતા તેથી તેમના પ્રતિનિધી ડો.તનુજા બ્રીટો હાજર રહયા હતા. દિલ્હીની વેણુ આઈ ઈન્સ્ટીટયુટના મેનેજીંગ ડાયરેકટર સુશ્રી તનુજા જોષી તેમની ટીમના સભ્યો સાથે હાજર રહયા હતા.

વર્ષ દરમિયાન થયેલી કોન્ફરન્સ અને તેમાંભાગ લેનાર સ્ટાફની સૂચિ નીચે ટેબલમાં દર્શાવી છે.

## વર્કશોપ અને કોન્ફરન્સ

| ક્રમ | નામ | સ્થળ | તારીખ | કોન્ફરન્સ વિગત | ભાગ લેનાર તરીકે · રિસર્ચ પર્સન |
|---|---|---|---|---|---|
| ૧. | ડો.ઉદયભાઈ ગજીવાળા | ભોપાલ | ૬–૭ એપ્રીલ ૨૦૧૩ | વિઝન ૨૦૨૦– રાઈટ ટુ સાઈટ ઈન્ડીયા | રિસોર્સ પર્સન |
| ૨. | ડો.રોહનભાઈ/ડો.પરિમલબેન/લીલાબેન/સુનીતા વસાવા/મેહુલ | ભોપાલ | ૬–૭ એપ્રિલ ૨૦૧૩ | વિઝન ૨૦૨૦– રાઈટ ટુ સાઈટ ઈન્ડીયા | સહભાગી |
| ૩. | ડો.રોહનભાઈ ચરીવાળા અને ડો. ખુશ્બુબેન ડોકટર | દિલ્હી | ૧૨ થી ૧૪ એપ્રીલ | દિલ્હી ઓપ્થેલ્મીક સોસાયટી કોન્ફરન્સ | રિસોર્સ પર્સન |
| ૪. | ડો.ઉદયભાઈ ગજીવાળા | આણંદ | ૨૮ એપ્રિલ | ડાયાબિટીક રેટીનોપથી એકશન પ્લાન | રિસોર્સ પર્સન |
| ૫. | ડો.ઉદયભાઈ ગજીવાળા | દાહોદ | ૨૬ મે | ચશ્માના નંબરની તપાસની સેવાઓને સઘન કરવી | રિસોર્સ પર્સન |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬. | જીજ્ઞેશ/ભાવેશ/રાજેશ/અલ્પેશ/યતીન/ચિરાગ/કલ્પેશ | દાહોદ | ૨૬ મે | ચશ્માના નંબરની તપાસની સેવાઓને સઘન કરવી | સહભાગી |
| ૭. | ડો.રોહનભાઈ ચરીવાળા | સુરત | ૧૬ જૂન | આરોગ્ય સેવાઓમાં નીતિમત્તા | સહભાગી |
| ૮. | ડો.ઉદયભાઈ ગજીવાળા અનેડો.રોહનભાઈ ચરીવાળા | અમદાવાદ | ૨૩ જૂન | ઓપરેશન થીયેટર મેનેજમેન્ટ | રિસોર્સ પર્સન |
| ૯. | ડો.પરિમલ,લીલા,રેખા,દિપીકા,અર્ચના,જયશ્રી,લતા,રંજન, જીજ્ઞેશ,ભાવેશ,અલ્પેશ | અમદાવાદ | ૨૩ જૂન | ઓપરેશન થીયેટર મેનેજમેન્ટ | સહભાગી |
| ૧૦. | ડો.ઉદયભાઈ ગજીવાળા | ભાવનગર | ૩ ઓગષ્ટ | ઈન્ફેકશન કંટ્રોલ વર્કશોપ | રિસોર્સ પર્સન |
| ૧૧. | ડો.ઉદયભાઈ ગજીવાળા | હૈદ્રાબાદ | ૧૯ ઓગષ્ટ | પ્રાઈમરી આઈ વર્કશોપ | સહભાગી |
| ૧૨. | ડો.રોહનભાઈ ચરીવાળા | હૈદ્રાબાદ | ૨૭ ઓગષ્ટ | ડાયાબિટીક રેટીનોપથી ડીઝાઈનીગ | રિસોર્સ પર્સન |
| ૧૩. | ડો.ઉદયભાઈ ગજીવાળા, ડો.રોહનભાઈ ચરીવાળા,ડો.ખુશ્બુ, ડો.ચિંતન ધોળકીયા | રાજકોટ | ૧૪–૧૫ સપ્ટેમ્બર | ઓલ ગુજરાત ઓપ્થેલ્મીક સોસાયટી | રિસોર્સ પર્સન સહભાગી |
| ૧૪. | પ્રદીપ પટેલ/રંજન પરમાર/યતિન મિસ્ત્રી | થાણે, મહારાષ્ટ્ર | ૨૦–૨૨ સપ્ટેમ્બર | કોન્ફરન્સ આઈ બેંક એસો. ઓફ ઈન્ડીયા | સહભાગી |
| ૧૫. | ડો.ચિંતન ધોળકીયા/નિખીલ મહેતા | મદુરાઈ | ૨૮–૨૯સપ્ટેમ્બર | દર્દીના પ્રતિભાવ | સહભાગી |
| ૧૬. | ડો.ઉદયભાઈ ગજીવાળા | અમદાવાદ | ૨ ઓકટોમ્બર | ઈન્ફેકશન કંટ્રોલ સેમીનાર | રિસોર્સ પર્સન |
| ૧૭. | ડો.રોહનભાઈ ચરીવાળા | દિલ્હી | ૨૭–૩૧ ઓકટોબર | એશિયા | રિસોર્સ પર્સન |
| ૧૮. | ડો.ઉદય ગજીવાળા | પૂના,મહારાષ્ટ્ર | ૧૫–૧૬ નવેમ્બર | લો–વિઝન વર્કશોપ | રિસોર્સ પર્સન |
| ૧૯. | ડો.રોહનભાઈ ચરીવાળા | ચંદીગઢ | ૨૩–૨૪ નવેમ્બર | ગલુકોમા એકશન પ્લાન | સહભાગી |
| ૨૦. | નિખીલ મહેતા | અમદાવાદ | ૧–૧૨–૧૩ | હોસ્પિટલ એડમીનીસ્ટ્રેશન | સહભાગી |
| ૨૧. | ડો.ચિંતન ધોળકીયા | અમદાવાદ | ૬–૧૨–૧૩ | ફેકો એડવાન્સીસ | સહભાગી |
| ૨૨. | ડો. ખુશ્બુબેન ડોકટર | પૂણે | ૧૧ થી ૧૪ ડીસેમ્બર | | રિસોર્સ પર્સન |
| ૨૩. | ડો.ઉદય ગજીવાળા | ભાવનગર | ૧૫/૧૨ | સ્પોર્ટ ફોરમ | સહભાગી |
| ૨૪. | ડો.ઉદય ગજીવાળા<br>ડો.ઉદય ગજીવાળા | ગાંધીનગર<br>ગાંધીનગર | ૧૬/૧૨<br>૩૧/૧ | પ્રોટોકોલ કમિટી મિટીંગ | રિસોર્સ પર્સન |
| ૨૫. | ડો.રોહનભાઈ અને ડો. પરિમલ ચરીવાળા | મદુરાઈ | ૨૮/૧ થી ૨/૨ | લીડરશીપ ડેવલોપમેન્ટ | સહભાગી |
| ૨૬. | ડો.શીતલ/ડો. સાકેત<br>ડો.રોહન ચરીવાળા | આગ્રા | ૬થી૯ ફેબ્રુઆરી | ઓલ ઈન્ડીયા ઓપ્થે. કોન્ફરન્સ | સહભાગી<br>રિસોર્સ પર્સન |
| ૨૭. | ડો.ઉદય ગજીવાળા | ગાંધીનગર | ૧૮ ફેબ્રુઆરી | પ્રોટોકોલ કમિટી મિટીગ | રિસોર્સ પર્સન |

## અન્ય સમાજ ઉપયોગી પ્રવૃત્તિ :

સુરતની લાયન્સ કલબ ઓફ સુરત સિલ્ક સીટી દ્વારા બહેરામૂંગા તેમજ અપંગ લોકો માટે સાધન સહાય વિતરણ કેમ્પ માંડવી દિવ્યજયોતિ ટ્રસ્ટના મકાનમાં કરવામાં આવ્યો હતો. તેના લાભાર્થીઓ પૈકી ૨૪ ને ટ્રાઈસિકલ, ૩ ને વ્હીલ ચેર, ૨૩ ને સાંભળવામાંસહાય રૂપ ઉપકરણ અને ૬ જોડી કાખઘોડીની વહેંચણી કરવામાં આવી.

ચોરવાડ–જૂનાગઢની હોસ્પિટલ લાંબા સમયથી બંધ પડેલી હતી. તેને શરૂઆતમાં મદદ કરવાની રજૂઆત થતાંસૌપ્રથમ હોસ્પિટલની મુલાકાત લીધી અને ત્યાંના ત્રણ યુવાનોને ઓપ્થેલ્મીક આસીસ્ટંટની તાલીમ માટે માંડવી બોલાવ્યા તથા પ્રથમ કેમ્પ કરવા અહીથી ડોકટર્સ– નર્સિંગ સ્ટાફ અને સપોર્ટીગ સ્ટાફ તા.૨૧/૮/૧૩ ના રોજ ચોરવાડ ગયા. શરૂઆતની બધી જ વસ્તુ ખરીદવા માટે, લેબોરેટરી સેટ કરવા માટે મદદરૂપ થયા અને ઓગષ્ટ ૧૩ થી ૧ ઓપ્થેલ્મિક આસીસ્ટંટે વારાફરતી એક મહિના માટે ચોરવાડ જવાનુંશરૂ કર્યુ, ત્યાંપેશન્ટ તપાસે અને ચોરવાડથી નજીક વેરાવળના ડોકટર અઠવાડીયે ૩ વાર આવીને ઓપરેશન કરે એવી વ્યવસ્થા ગોઠવી દીધી. જુલાઈ ૧૩ થી જાન્યુઆરી ૧૪ દરમિયાન ચોરવાડથી આવેલા ત્રણ યુવાનો તાલીમ પુરી કરીને પરત પોતાની સંસ્થામા કામે લાગી ગયા છે. હવે ત્યાં દર અઠવાડીયે ૫૦થી ૬૦ દર્દીની ઓપીડી અને ૪–૫ ઓપરેશન શરૂ થઈ ગયા છે.

- ગોમાબાઈ નેત્રાલય, નીમચ. મધ્યપ્રદેશ તરફથી વિનંતી થતાંચીફ એકઝીકયુટીવ ઓફિસરની નિમંણૂક માટે વિડીયો કોન્ફરન્સદ્વારા ઈન્ટરવ્યુ લીધો.
- વલસાડની આર.એન.સી હોસ્પિટલના દાતાઓ સાથે મળીને હોસ્પિટલનુંઈવેલ્યુએશન (મૂલ્યાંકન) કરી આપ્યું તેમજ ભવિષ્યના આયોજન માટે મદદરૂપ થયા.
- અમદાવાદની રૂક્ષ્મણીબાઈ હોસ્પિટલના ઓપરેશન થીયેટરની ડીઝાઈન તૈયાર કરવામાંડો. ઉદયભાઈ મદદરૂપ થયા.
- ભણશાળી ટ્રસ્ટ દર વર્ષે બિહારમાં મેગા આઈ કેમ્પ કરે છે જેમા ડો. અર્ચના ચૌધરી અને ડો. પ્રતિક શાહ ઓપરેશનની કામગીરીમાંમદદરૂપ થયા.
- ગુજરાત રાજયની પ્રોટોકોલ કમિટીમાં ડો. ઉદયભાઈ સભ્ય બન્યાં છે અને ઇન્ફેકશન કંટ્રોલ પ્રોટોકોલ તૈયાર કરવામાં મદદરૂપ થઈ રહયા છે.

## અંધજન પુનર્વસન અંતર્ગત માંડવી તાલુકા સ્કુલ સ્ક્રીનીંગ રીપોર્ટ

| કલસ્ટર | શાળાની સંખ્યા | રજીસ્ટર સંખ્યા | હાજર સંખ્યા | તપાસ થયેલ બાળકોની સંખ્યા | ખામીવાળા બાળકોની સંખ્યા | રીફર | રીફ્રેકશનની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| દેવગઢ | ૨૩ | ૧૧૩૭ | ૧૦૨૧ | ૧૦૨૧ | ૬૩ | ૦૪ | ૧૦ |
| માલવા | ૧૮ | ૨૬૪ | ૨૫૮ | ૨૫૮ | ૪૧ | ૦૫ | ૧૧ |
| સઠવાવ | ૨૪ | ૭૪૯ | ૭૨૦ | ૭૨૦ | ૬૭ | ૦૨ | ૨૩ |
| દઢવાડા | ૧૮ | ૫૭૧ | ૫૬૯ | ૫૬૯ | ૩૦ | ૦૨ | ૨૫ |
| માંડવી | ૧૨ | ૩૦૧૪ | ૨૮૮૭ | ૨૮૮૭ | ૧૯૯ | ૦૯ | ૩૮ |
| રતનીયા | ૧૮ | ૩૭૫ | ૩૫૪ | ૩૫૪ | ૧૯ | ૦૩ | ૧૫ |
| ગોદાવાડી | ૧૯ | ૨૬૭ | ૨૫૪ | ૨૫૪ | ૧૫ | ૦૨ | ૦૯ |
| પાતલ | ૩૪ | ૮૫૨ | ૮૨૪ | ૮૨૪ | ૩૫ | ૦૧ | ૧૧ |
| અરેઠ | ૨૨ | ૧૮૬૨ | ૧૭૭૬ | ૧૭૭૬ | ૭૫ | ૧૦ | ૦૮ |
| તડકેશ્વર | ૧૪ | ૧૯૧૩ | ૧૬૪૪ | ૧૬૪૪ | ૬૩ | ૧૦ | ૨૨ |
| કુલ | ૨૦૨ | ૧૧૦૦૪ | ૧૦૩૦૭ | ૧૦૩૦૭ | ૬૦૭ | ૪૮ | ૧૭૨ |

# નિદાન કેમ્પ

ગત વર્ષની જેમ જ આ વર્ષે પણ કુલ ૧૩૧ નિદાન કેમ્પનુંઆયોજન થયું. આ નિદાન કેમ્પમાં કુલ ૨૦,૦૮૦દર્દીની તપાસ થઈ તેમજ ૨૬૧૩ દર્દીઓના ઓપરેશન થયા. આ વર્ષે ઓકટોબર ૧૩ થી કેમ્પમાં આવતા લોકોને તેમની જરૂરીયાત મુજબ ચશ્મા ફીટીંગ કરીને તથા ઓર્ડરથી બનાવીને આપવાનું શરૂ કર્યું છે. કેમ્પ માટે લોકોનો પ્રતિભાવ ધ્યાનમાં રાખી આ વર્ષે શિયાળામાં વધારાના કેમ્પ કર્યા.

આ ઉપરાંત ઓપરેશન પછી દોઢ માસના અંતે ચશ્માની તપાસ કેમ્પના સ્થળે જઈને કરવાનું અને ચશ્મા ફિટીંગ કરીને ફ્રીમાં આપવાનું તેમજ ઓપરેશન કરેલ દર્દીને દોઢ માસ દરમિયાન દવા મફત આપવાનું શરૂ કર્યું છે.

કેમ્પના દર્દીને કેમ્પના સ્થળેથી હોસ્પિટલ લાવવા અને પરત મોકલવા ૪૦ સીટની બસની સુવિધા, દર્દી તથા તેના એક સગાને ત્રણ ટંક ભોજન અને સવારની ચા તથા રહેવાની સુવિધા અને નેત્રમણી સાથે ઓપરેશન તથા ઓપરેશન પછી આપવામાં આવતી દવા અને ચશ્મા આ બધું વિના મૂલ્યે પુરા પાડવામાં આવે છે. આ સુવિધા અને ગુણવત્તાવાળા કાર્યને કારણે કેમ્પને શરૂઆતથી જ ઘણો સુંદર પ્રતિસાદ મળી રહયો છે.

કેમ્પના આયોજન માટે દાતાઓનો ઘણો સહકાર પ્રાપ્ત થઈ રહયો છે. આ વર્ષે ટ્રાઈબલ સબપ્લાન માંડવી, હરિઓમ સેવા ટ્રસ્ટ વડોદરા, દેના બેંક માંડવી ઉપરાંત સુરત મહેશ્વરી સમાજના શ્રી રામનારાયણ ચાંદક, કોસંબાના શ્રી બહાદુરસિંહ ચૌહાણ તથા શ્રી અરવિંદભાઈ ભટ્ટ, ઊંટીયાદરાના શ્રી બચુભાઈ પટેલ, સુરતના સરગમ બિલ્ડર્સ, વિઝન ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા–મુંબઈ, કાકરાપાર અણુમથક તેમજ સુરતના દાતા શ્રી ઓમપ્રકાશજી તુટેજા તથા રોટરી કલબ ઓફ સુરત સિલ્કસીટી, રોટરી કલબ ઓફ ગુરોક – સ્કોટલેન્ડ નો ખૂબ જ સારો સહકાર અને આર્થિક સહયોગ પ્રાપ્ત થયા.

નિદાન કેમ્પમાંઆ વર્ષે ડાયાબિટીક રેટિનોપથીની તપાસ કરવા માટે ખાસ ૧૩ કેમ્પ કરવામાંઆવ્યા. આ કેમ્પ માટેનો આર્થિક સહયોગ ટ્રાઈબલ સબપ્લાન માંડવી દ્વારા પ્રાપ્ત થયો. તે ઉપરાંત કેવડીયાની નિરામય કલીનીકના ડો. અશોક ગોહિલની ખાસ વિનંતીને માન આપી કેવડીયા ખાતે ડાયાબિટીક રેટીનોપથીનો કેમ્પ યોજવામાંઆવ્યો.

નેત્રંગમાં ૫ અને ઝંખવાવમાં પણ ૪ કેમ્પનું આયોજન કર્યું અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના અમારા ઓપરેશન થીયેટરમાંજ ઓપરેશન કરી આપવાનું ગોઠવ્યું. આ ઉપરાંત રોજીંદી ઓપીડી ઓપ્થેલ્મીક આસીસ્ટંટ જુએ છે અને દર મંગળવાર અને શુક્રવારે ઓપ્થેલ્મોલોજીસ્ટ દ્વારા તપાસ અને ઓપરેશન કરવામાં આવે છે. નેત્રંગમાં ચશ્માના ઓર્ડર નિયમિત લેવાતા હતા હવે ઝંખવાવમાં પણ તે નિયમિત રીતે શરૂ થઈ ગયા છે.

આ વર્ષે નેત્રંગ સામૂહીક આરોગ્ય કેન્દ્ર પર ટેલીમેડીસીનની સુવિધા આપવાનું શરૂ કર્યું છે. તે માટે કલોઝડ સર્કીટ ટીવી કેમેરા, કોમ્પ્યુટર તથા આનુષાંગિક સાધનની સુવિધા ઉભી કરી છે. તેથી માંડવીના ડોકટર માંડવીની પોતાની કલીનીકમાં બેસીને નેત્રંગમાં સામુહીક આરોગ્ય કેન્દ્રમાં બતાવવા આવેલા દર્દીની આંખ તપાસીને નિદાન કરીને સારવાર સૂચવી શકશે.

નેત્રંગ અને ઝંખવાવની કામગીરી પેજ નં.૯ માં દર્શાવી છે.

## ડાયાબિટીસ કેમ્પ રીપોર્ટ માંડવી તાલુકો

| ક્રમ | કેમ્પનું સ્થળ | O.P.D. | RBS | U/S | મોતિયા રિફર | રેટીના રિફર | અન્ય રિફર | ડાયાબિટીસ દવા |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | માંડવી | ૬૬ | ૫૫ | ૫૫ | ૦૬ | ૧૧ | ૦૦ | ૦૨ |
| ૨ | આમલીડેમ | ૨૫ | ૨૩ | ૨૩ | ૦૭ | ૦૨ | ૦૨ | ૦૯ |
| ૩ | સઠવાવ | ૧૮ | ૧૭ | ૧૭ | ૦૫ | ૦૩ | ૦૧ | ૧૦ |
| ૪ | કમલાપોર | ૧૫ | ૧૪ | ૧૪ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૫ | પાતલ | ૫૭ | ૪૨ | ૪૨ | ૦૭ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૬ | તરસાડા | ૧૦ | ૦૯ | ૦૯ | ૦૦ | ૦૫ | ૦૧ | ૦૪ |
| ૭ | અરેઠ | ૧૪ | ૧૨ | ૧૨ | ૦૪ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૮ | તડકેશ્વર | ૨૬ | ૧૧ | ૧૧ | ૦૫ | ૦૦ | ૦૩ | ૦૦ |
| ૯ | કીમડુંગરા | ૨૯ | ૨૩ | ૨૩ | ૦૪ | ૦૫ | ૦૨ | ૦૨ |
| ૧૦ | કમલાપોર | ૨૨ | ૧૫ | ૧૫ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૧ | ગોડસંબા | ૨૫ | ૨૨ | ૨૨ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૧૨ | દઢવાડા | ૦૯ | ૦૯ | ૦૧ | ૦૧ | ૦૫ | ૦૦ | ૦૦ |
| | કુલ | ૩૧૬ | ૨૫૨ | ૨૫૨ | ૪૭ | ૩૫ | ૧૧ | ૨૭ |

# વર્ષ દરમિયાન થયેલા નિદાન કેમ્પની આંકડાકીય માહિતી ( એપ્રીલ ૨૦૧૩ થી માર્ચ ૨૦૧૪)

| ક્રમ | તારીખ | ગામ | તાલુકો | જીલ્લો | ઓ.પી.ડી | અન્ય નિષ્ણાંત માટે રિફર | ઓપરેશન | કેમ્પ સ્પોન્સર |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૩.૪.૧૩ | બોરીસાવર | સોનગઢ | તાપી | ૧૯૪ | ૩ | ૧૩ | Ajitbhai Doshi + DBCS + VF |
| ૨ | ૭.૪.૧૩ | બેડકુવાદુર | વ્યારા | તાપી | ૧૯૭ | ૧૧ | ૨૦ | HOST + DBCS + VF |
| ૩ | ૧૦.૪.૧૩ | ચીકદા | ડેડીયાપાડા | નર્મદા | ૧૧૨ | ૧૩ | ૦૮ | HOST + DBCS + VF |
| ૪ | ૧૪.૪.૧૩ | પાતલ | માંડવી | સુરત | ૧૨૭ | ૧૦ | ૩૩ | RCOSR + Kirtisinh Vashi + DBCS + VF |
| ૫ | ૧૭.૪.૧૩ | દેવગઢ | માંડવી | સુરત | ૧૧૨ | ૫ | ૦૮ | HOST+DBCS+VF |
| ૬ | ૨૧.૪.૧૩ | ઘવલીવેર | ડેડીયાપાડા | નર્મદા | ૬૫ | ૫ | ૧૩ | Sargam Builders +DBCS+VF |
| ૭ | ૨૪.૪.૧૩ | ખાંભલા | સોનગઢ | તાપી | ૧૩૬ | ૮ | ૨૨ | HOST+DBCS+VF |
| ૮ | ૨૮.૪.૧૩ | અલમાવાડી | ડેડીયાપાડા | નર્મદા | ૨૦૦ | ૮ | ૨૨ | ONGC +VF + DBCS |
| ૯ | ૨.૫.૧૩ | ઉમરદા | ઉમરપાડા | સુરત | ૧૩૮ | ૧૮ | ૨૫ | ONGC +VF + DBCS + TSM |
| ૧૦ | ૫.૫.૧૩ | દેગડીયા | માંગરોલ | સુરત | ૮૦ | ૬ | ૦૪ | ONGC +VF + DBCS |
| ૧૧ | ૮.૫.૧૩ | આંબાપારડી | માંડવી | સુરત | ૫૫ | ૧ | ૦૮ | ONGC +VF + DBCS |
| ૧૨ | ૧૨.૫.૧૩ | મૌઝા | વાલીયા | ભરૂચ | ૧૭૫ | ૨૧ | ૧૫ | ONGC +VF + DBCS |
| ૧૩ | ૧૫.૫.૧૩ | કરૂઠા | માંડવી | સુરત | ૭૦ | ૬ | ૧૩ | ONGC +VF + DBCS |
| ૧૪ | ૧૯.૫.૧૩ | સેલંબા | સાગબારા | નર્મદા | ૭૫ | ૨ | ૦૮ | ONGC +VF + DBCS |
| ૧૫ | ૨૨.૫.૧૩ | મંડાળા | ડેડીયાપાડા | ડેડીયાપાડા | ૧૪૦ | ૮ | ૧૪ | ONGC +VF + DBCS |
| ૧૬ | ૨૬.૫.૧૩ | પીપલોદ | ડેડીયાપાડા | ડેડીયાપાડા | ૫૦ | ૪ | ૧૦ | ONGC +VF + DBCS |
| ૧૭ | ૨૯.૫.૧૩ | ઉમરા | મહુવા | સુરત | ૧૭૪ | ૧૧ | ૧૨ | Sargam Builders +DBCS+VF |
| ૧૮ | ૨.૬.૧૩ | વેકુર | સોનગઢ | તાપી | ૫૫ | ૪ | ૧૧ | ONGC +VF + DBCS |
| ૧૯ | ૫.૬.૧૩ | કુકરમુંડા | નિઝર | તાપી | ૧૫૧ | ૬ | ૧૩ | ONGC +VF + DBCS |
| ૨૦ | ૯.૬.૧૩ | કંટાળી | બારડોલી | સુરત | ૧૫૫ | ૧૪ | ૩૨ | Champakbhai Patel+DBCS+VF + TSM |
| ૨૧ | ૧૨.૬.૧૩ | ઝાંખલા | માંડવી | સુરત | ૫૫ | ૫ | ૦૬ | Swamiji +DBCS+VF |
| ૨૨ | ૧૬.૬.૧૩ | ઉધના | સુરત | સુરત | ૫૬૧ | ૩૦ | ૧૫ | Laxmilalji Bafna+DBCS+VF |
| ૨૩ | ૧૯.૬.૧૩ | આંબાવાડી | ડેડીયાપાડા | નર્મદા | ૧૬૭ | ૧૧ | ૧૪ | ONGC +VF + DBCS |
| ૨૪ | ૨૩.૬.૧૩ | ખાપર | અકકલકુવા | નંદુરબાર | ૨૨૮ | ૧૨ | ૩૨ | Sargam Builders+DBCS+VF |
| ૨૫ | ૨૬.૬.૧૩ | ઉખલદા | સોનગઢ | તાપી | ૩૭૫ | ૧૧ | ૩૪ | ONGC +VF + DBCS |
| ૨૬ | ૩૦.૬.૧૩ | ઉમરપાડા | ઉમરપાડા | સુરત | ૧૬૦ | ૯ | ૨૧ | Dr Sandhyaben Chhastiya +DBCS + TSM |
| ૨૭ | ૩.૭.૧૩ | કરંજ | માંડવી | સુરત | ૧૨૮ | ૩ | ૨૪ | Jeevan Akshay+HOST+DBCS +VF+TSM |
| ૨૮ | ૭.૭.૧૩ | સોનગઢ | સોનગઢ | તાપી | ૧૧૫ | ૧૨ | ૨૨ | ONGC+VF + DBCS |
| ૨૯ | ૧૦.૭.૧૩ | માલ્ધા | માંડવી | સુરત | ૫૧ | ૬ | ૦૬ | Jeevan Akshay+HOST+DBCS+VF |
| ૩૦ | ૧૪.૭.૧૩ | રતનીયા | માંડવી | સુરત | ૧૫૨ | ૪ | ૧૭ | ONGC+VF + DBCS + TSM |
| ૩૧ | ૧૭.૭.૧૩ | માંડળ | સોનગઢ | તાપી | ૨૪૯ | ૯ | ૧૫ | Sargam Builders +DBCS+VF |
| ૩૨ | ૨૧.૭.૧૩ | ચારણી | ઉમરપાડા | સુરત | ૮૮ | ૬ | ૦૮ | ONGC+VF + DBCS + TSM |
| ૩૩ | ૨૨.૭.૧૩ | ઝંખવાવ | માંગરોલ | સુરત | ૩૮ | ૨ | ૦૩ | DBCS + VF |
| ૩૪ | ૨૪.૭.૧૩ | અમલસાડી | માંડવી | સુરત | ૫૦ | ૫ | ૧૦ | Jeevan Akshay +DBCS+VF+ TSM |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩૫ | ૨૫.૭.૧૩ | નેત્રંગ | વાલીયા | ભરૂચ | ૪૦ | ૩ | ૦૪ | DBCS + VF |
| ૩૬ | ૨૮.૭.૧૩ | વેરાકુઈ | માંગરોલ | સુરત | ૧૫૩ | ૩ | ૨૫ | ONGC+VF + DBCS |
| ૩૭ | ૩૧.૭.૧૩ | રેગામા | માંડવી | સુરત | ૮૫ | ૯ | ૦૮ | Jeevan Akshay+HOST+DBCS+VF |
| ૩૮ | ૪.૮.૧૩ | બલેઠી | માંડવી | સુરત | ૭૮ | ૦૬ | ૦૯ | Jeevan Akshay+HOST+DBCS+VF |
| ૩૯ | ૭.૮.૧૩ | સઠવાવ | માંડવી | સુરત | ૭૦ | ૦૬ | ૧૭ | Jeevan Akshay+HOST+DBCS+VF+ TSM |
| ૪૦ | ૧૧.૮.૧૩ | વાંકલા | માંડવી | સુરત | ૧૧૫ | ૧૨ | ૧૦ | ONGC+VF + DBCS+ TSM |
| ૪૧ | ૧૩.૮.૧૩ | દઢવાડા | માંડવી | સુરત | ૭૫ | ૦૫ | ૨૧ | Jeevan Akshay+HOST+DBCS+VF+ TSM |
| ૪૨ | ૧૮.૮.૧૩ | અરેઠ | માંડવી | સુરત | ૧૨૬ | ૦૬ | ૧૯ | ONGC+VF + DBCS+ TSM |
| ૪૩ | ૨૧.૮.૧૩ | ઘંટોલી | માંડવી | સુરત | ૮૦ | ૦૩ | ૨૧ | Jeevan Akshay+HOST+DBCS+VF+ TSM |
| ૪૪ | ૨૫.૮.૧૩ | અક્કલકુવા | અક્કલકુવા | નંદુરબાર | ૨૨૦ | ૧૬ | ૨૭ | Rajan Pandya + Sargam builders + DBCS+VF |
| ૪૫ | ૨૯.૮.૧૩ | અરેઠી | ડેડીયાપાડા | ડેડીયાપાડા | ૬૦ | ૦૬ | ૦૬ | ONGC+VF + DBCS |
| ૪૬ | ૧.૯.૧૩ | ઉમરાણ | ડેડીયાપાડા | ડેડીયાપાડા | ૮૦ | ૦૬ | ૦૪ | ONGC+VF + DBCS |
| ૪૭ | ૪.૯.૧૩ | નવાગામ પાનુડા | ડેડીયાપાડા | નર્મદા | ૧૦૫ | ૦૫ | ૨૦ | Jeevan Akshay+HOST+DBCS+VF |
| ૪૮ | ૮.૯.૧૩ | વાલોડ | વાલોડ | તાપી | ૨૨૧ | ૦૫ | ૩૫ | ONGC+VF + DBCS |
| ૪૯ | ૯.૯.૧૩ | કાકડવા | વ્યારા | તાપી | ૩૦૫ | ૧૩ | ૩૨ | Rotary Club of Scotland |
| ૫૦ | ૧૦.૯.૧૩ | ઘંટોલી | માંડવી | સુરત | ૫૫ | ૦૬ | ૦૯ | Rotary Club of Scotland |
| ૫૧ | ૧૧.૯.૧૩ | ઉકાઈ | સોનગઢ | તાપી | ૨૨૫ | ૨૬ | ૧૭ | Rotary Club of Scotland |
| ૫૨ | ૧૨.૯.૧૩ | દતવાડા | સાગબારા | નર્મદા | ૧૨૦ | ૦૭ | ૨૦ | Rotary Club of Scotland |
| ૫૩ | ૧૫.૯.૧૩ | હીદલા | સોનગઢ | તાપી | ૧૪૦ | ૦૬ | ૧૭ | ONGC+VF + DBCS |
| ૫૪ | ૧૮.૯.૧૩ | ચોખવાડા | ઉમરપાડા | સુરત | ૧૭૫ | ૦૮ | ૨૨ | Jeevan Akshay+HOST+DBCS+VF+ TSM |
| ૫૫ | ૨૨.૯.૧૩ | સેંલબા | સાગબારા | નર્મદા | ૫૭ | ૦૯ | ૧૩ | Sargam Builders+DBCS+VF |
| ૫૬ | ૨૯.૯.૧૩ | ચાંપાવાડી | વ્યારા | તાપી | ૧૮૧ | ૦૭ | ૩૬ | ONGC+VF + DBCS |
| ૫૭ | ૨.૧૦.૧૩ | ઉભારીયા | ઉમરપાડા | સુરત | ૨૬૦ | ૦૬ | ૧૨ | HOST+DBCS+VF+ TSM |
